# આત્મધર્મ

## વર્ષ ૩૧

## સળંગ અંક ૩૭૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




૩૭૨

# મુમુક્ષુની તલવાર

અરે, અતિ દીર્ઘ એવા આ સંસારમાં તો ચારે ગતિમાં ઉત્પાત જ છે, તે સદા દુઃખના કલેશથી જ ભરેલો છે; જેમ અગ્નિ ઉપર રહેલું પાણી ગરમીથી ફદફદે છે તેમ અજ્ઞાની જીવો મોહાગ્નિવડે સેકાતા થકા ચારગતિના ભયંકર દુઃખોમાં ખદખદી રહ્યા છે.–અતિ દીર્ઘ–બહુ લાંબો કાળ એવા દુઃખોમાં વીતી ગયો.–અરે, થઈ ગયું તે થઈ ગયું;–પણ હવે, આવા ઘોર દુઃખોથી શીઘ્ર છોડાવનારો જિનોપદેશ મહા ભાગ્યથી મને પ્રાપ્ત થયો, તે જિનોપદેશમાં ચેતનલક્ષણરૂપ મારા સ્વતત્ત્વના દ્રવ્ય–ગુણ–પર્યાય પરથી અત્યંત ભિન્ન બતાવ્યા; તો હવે આવો કલ્યાણકારી જિનોપદેશ પામીને મારે શીઘ્ર જ ઉત્કૃષ્ટ પ્રયત્નવડે મોહને હણી નાંખવો યોગ્ય છે :

–આમ દ્રઢ નિશ્ચય કરીને મુમુક્ષુજીવ કેવા અંતર્મુખ ઉદ્યમવડે મોહનો નાશ કરીને આનંદમય મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરે છે? તેનું અતિ સુંદર વર્ણન આપ આ અંકમાં વાંચશો...ને આપને પણ તેમ કરવાનું શૂરાતન ચડશે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦ આસો ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૧૨

નવાવર્ષનું લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૧
અંક ૧૨

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦
આસો
ઈ.સ. 1974
OCTO.

## સમ્પાદકીય

વીરપ્રભુના મોક્ષના આ મહાન ઉત્સવમાં, વીરપ્રભુના દરેકેદરેક ભક્તને પોતાના આત્મહિત માટે કંઈક કરવાની સુંદર ભાવનાઓ જાગે, અને મહાવીરપ્રભુ પ્રત્યે ભક્તિના પ્રવાહમાં પૂર આવે-એ સહજ છે.


આ આખુંય વર્ષ, અને ત્યારપછી પણ સદાયકાળ, આપણું જીવન અને જીવનનું દરેક કાર્ય એવું ઉત્તમ હોવું જોઈએ કે આપણને જ એવા ગૌરવ સાથે સંતોષ થાય કે 'હું મારા ભગવાને કહેલા માર્ગમાં શોભી રહ્યો છું; ભગવાને બતાવેલા માર્ગ તરફ હું આનંદથી જઈ રહ્યો છું. ભગવાનના ભક્ત તરીકે શોભે એવું મારું જીવન છે.' બંધુઓ, આવા ઉત્તમ સદાચારયુક્ત-જ્ઞાનયુક્ત સુંદર જીવન જીવવાની જવાબદારી લેશો તો જ મહાવીર ભગવાનનો સાચો ઉપકાર, અને તેમના મોક્ષનો સાચો ઉત્સવ તમે ઊજવી શકશો.-એકલા પૈસાની ધામધૂમથી સાચો ઉત્સવ નહિ ઉજવાય.

આપણા ભગવાન મહાવીર કેવા છે? (-'હતા' એમ નહિ પરંતુ અત્યારેય વિદ્યમાન 'છે',-તે કેવા છે?) પહેલાં તેઓ સંસારમાં કેવા હતા, પછી તેમણે મોક્ષમાર્ગ કઈ રીતે સાધ્યો ને અત્યારે મોક્ષમાં કેવા શોભી રહ્યા છે? તે ઓળખવું જોઈએ. (તેનું સંક્ષિપ્ત વર્ણન આ અંકમાં આપ વાંચશો.) તે ઓળખીને, તેમાંથી આપણા જીવનમાં આપણે શું કરવા યોગ્ય છે! તેનો વિચાર કરવો. અત્યારે સંસારમાં હળહળતા પાપો હિંસા-જુઠું-ચોરી-સિનેમા-અને પૈસાના પરિગ્રહ પાછળનું પાગલપણું-એ બધા નરકના એજન્ટો સામે એકવર્ષ તો બીલકુલ ન જોશો....એકવર્ષમાં તેમનો સંગ છોડીને વીરપ્રભુ સાથે એવી મિત્રતા બાંધી લેજો કે જીવનમાં ફરી કદી તે કોઈ પાપો તમારી નજીક પણ ન આવી શકે. અરેરે, પાપમાં ઊભા રહીને તમે મુક્તિના ઉત્સવમાં કેવી રીતે ભાગ લઈ શકશો?-વીર પુત્રો! ધ્યાન રાખજો, ભગવાનના આવા મજાના ઉત્સવનો પ્રસંગ જીવનમાં બીજી વાર આવવાનો નથી.-અવસર ચુકશો મા.

जय महावीर

# ભગવાન મહાવીર

## અઢીહજારમા નિર્વાણમહોત્સવનો મંગલ પ્રારંભ



આ દીવાળીએ ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા તેને અઢીહજાર વર્ષ પૂર્ણ થશે; તેથી દીવાળીથી (બુધવાર તા. ૧૩ નવેમ્બર ૧૯૭૪ થી) શરૂ કરીને પૂરા એક વર્ષ સુધી ભારતભરમાં જે અભૂતપૂર્વ મહાન ઉત્સવ ઉજવવાનો છે તેનો મંગલ પ્રારંભ આ દીવાળીથી શરૂ થાય છે. અહા, આવા મંગલોત્સવમાં કોને આનંદ ન થાય? દીપાવલીપર્વ એટલે ભગવાનના મોક્ષનું મંગલપર્વ; તે આપણને મહાવીરપ્રભુના આદર્શોનું સ્મરણ કરાવીને મોક્ષપંથની પ્રેરણા આપે છે. વીરપ્રભુએ બતાવેલા માર્ગે રત્નત્રય-દીવડા પ્રગટ કરીને આપણે પણ તેમના પંથે જઈએ-એવી મંગલભાવના સાથે અહીં ભગવાન મહાવીરના જીવનનું સંક્ષેપમાં દિગ્દર્શન કરાવીએ છીએ. (-સં.)

મંગલ દીપાવલી....આસો વદ અમાસનું પરોઢિયું...(ચૌદશની પાછલી રાત.) આખુંય ભારત આજે અનેરા આનંદથી આ દીપોત્સવ ઊજવી રહ્યું છે. શેનો છે આ મંગળ દીપોત્સવ?

પાવાપુરીનું પવિત્રધામ હજારો દીપકોના ઝગમગાટથી આજે અનેરું શોભી રહ્યું છે. વીરપ્રભુના ચરણસમીપે બેસીને ભારતના હજારો ભક્તજનો વીરપ્રભુના મોક્ષગમનનું સ્મરણ કરી રહ્યા છે ને તે પવિત્રપદની ભાવના ભાવી રહ્યા છે. અહા, ભગવાન મહાવીર આજે સંસારબંધનથી છૂટીને અભૂતપૂર્વ સિદ્ધપદને પામ્યા. અત્યારે તેઓ સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. પાવાપુરીના જલમંદિરની ઉપર–ઠેઠ ઉપર લોકાગ્રે પ્રભુ સિદ્ધપદમાં બિરાજી રહ્યા છે.

કેવું છે એ સિદ્ધપદ? સંતોના હૃદયમાં કોતરાઈ ગયેલા એ સિદ્ધપદનું વર્ણન કરતાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે :–

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે;**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને.**
**જેવા જીવો છે સિદ્ધિગત, તેવા જીવો સંસારી છે;**
**જેથી જનમ-મરણાદિ હીન, ને અષ્ટગુણસંયુક્ત છે.**

અહા, સિદ્ધપદ જ્ઞાનીઓને પરમ વહાલું છે; પોતાના આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે એ સિદ્ધપદ પમાય છે. તે મહાન આનંદરૂપ છે.

મહાવીર પ્રભુ આજના દિવસે આવું મહિમાવંત સિદ્ધપદ પામ્યા. એ મહાવીર કેવા હતા...ને કેવી રીતે આવું મજાનું સિદ્ધપદ પામ્યા ?–કે જેના આનંદનો ઉત્સવ હજારો દીવડાવડે આખુંય ભારત આજે પણ ઊજવે છે!

આપણા સૌની જેમ એ મહાવીર ભગવાન પણ એક આત્મા છે. આપણી જેમ પહેલાં એ આત્મા પણ સંસારમાં હતો. અરે, એ હોનહાર તીર્થંકરના આત્માએ પણ જ્યાંસુધી આત્મજ્ઞાન નહોતું કર્યું ત્યાં સુધી તે સંસારના અનેક ભવોમાં ભમ્યો.

## * મહાવીર ભગવાનના પૂર્વ ભવોનું કથન *

આત્માના જ્ઞાન વગર ભવચક્રમાં ભમતાં–ભમતાં ભગવાનનો જીવ એકવાર વિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીના મધુવનમાં પુરુરવા નામે ભીલરાજા થયો; ત્યારે સાગરસેન નામના મુનિરાજને દેખીને પ્રથમ તો મારવા તૈયાર થયો, પણ પછી તેમની શાન્ત મુદ્રા અને વીતરાગી વચનોથી પ્રભાવિત થઈને માંસાદિના ત્યાગનું વ્રત ગ્રહણ કર્યું.

વ્રતના પ્રભાવે તે ભીલ પહેલા સ્વર્ગનો દેવ થયો ને પછી ત્યાંથી અયોધ્યાનગરીમાં ભરતચક્રવર્તીનો પુત્ર મરીચી થયો; ચોવીસમા–અંતિમ તીર્થંકરનો તે જીવ

પહેલા તીર્થંકરનો પૌત્ર થયો. ત્યારે તેણે પોતાના ઋષભ-દાદા સાથે દેખાદેખીથી દીક્ષા તો લીધી પરંતુ વીતરાગ-મુનિમાર્ગનું પાલન તે કરી શકયો નહિ, તેથી ભ્રષ્ટ થઈને તેને મિથ્યામાર્ગનું પ્રવર્તન કર્યું. માનના ઉદયથી તેને એમ વિચાર થયો કે જેમ ભગવાન ઋષભદાદાએ તીર્થંકર થઈને ત્રણ લોકમાં આશ્ચર્યકારી સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે તેમ હું પણ બીજો મત ચલાવીને તેનો નાયક થઈને તેમની જેમ ઈન્દ્ર વડે પૂજાની પ્રતીક્ષા કરીશ; હું પણ મારા દાદાની જેમ તીર્થંકર થઈશ. (ભાવિ તીર્થંકર થનાર દ્રવ્યમાં તીર્થંકરત્વના કોડ જાગ્યા!)

ભગવાન ઋષભદેવની સભામાં એકવાર ભરતે પૂછયું કે પ્રભો! આ સભામાંથી કોઈ જીવ આપના જેવો તીર્થંકર થશે? ત્યારે ભગવાને કહ્યું કે; હા, આ તારો પુત્ર મરીચીકુમાર આ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થંકર (મહાવીર) થશે. પ્રભુની વાણીમાં પોતાના તીર્થંકરત્વની વાત સાંભળતાં મરીચીને ઘણું આત્મગૌરવ થયું; તોપણ હજી સુધી તે ધર્મ પામ્યો ન હતો. અરે, તીર્થંકરદેવની દિવ્યવાણી સાંભળીને પણ એણે સમ્યક્ધર્મનું ગ્રહણ ન કર્યું. આત્મભાન વગર સંસારના કેટલાય ભવોમાં તે જીવ રખડયો.

એ મહાવીરનો જીવ મરીચીનો અવતાર પૂરો કરીને બ્રહ્મસ્વર્ગનો દેવ થયો. ત્યારબાદ મનુષ્ય અને દેવના કેટલાક ભવો કર્યા. તેમાં મિથ્યામાર્ગનું સેવન ચાલુ રાખ્યું, અને મિથ્યામાર્ગના તીવ્રસેવનના કુફળથી સમસ્ત અધોગતિમાં જન્મ ધારણ કરી કરીને ત્રસ-સ્થાવર પર્યાયોમાં અસંખ્યાત વર્ષો સુધી તીવ્ર દુ:ખો ભોગવ્યા. એ પરિભ્રમણ કરી-કરીને તે આત્મા બહુ જ થાકયો ને ખેદખિન્ન થયો.

અંતે, અસંખ્ય ભવોમાં રખડીરખડીને તે જીવ રાજગૃહીમાં એક બ્રાહ્મણપુત્ર થયો; તે વેદવેદાંતમાં પારંગત હોવા છતાં સમ્યગ્દર્શન રહિત હતો, તેથી તેનું જ્ઞાન ને તપ બધું વ્યર્થ હતું; મિથ્યાત્વના સેવનપૂર્વક ત્યાંથી મરીને દેવ થયો, ને પછી રાજગૃહીમાં વિશ્વનંદી નામનો રાજપુત્ર થયો. ત્યાં માત્ર એક ઉપવન માટે સંસારની માયાજાળ દેખીને તે વિરક્ત થયો ને સંભૂતસ્વામી પાસે જૈનદીક્ષા લીધી; ત્યાં નિદાનસહિત મરણ કરી સ્વર્ગમાં ગયો, ને ત્યાંથી ભરતક્ષેત્રના પોદનપુર નગરમાં બાહુબલીસ્વામીની વંશપરંપરામાં ત્રિપુષ્ઠ નામનો અર્ધચક્રી (વાસુદેવ) થયો; અને તીવ્ર આરંભ-પરિગ્રહના પરિણામ સહિત અતૃપ્તપણે મરીને ત્યાંથી સાતમી નરકે ગયો. અરે, એ નરકના ઘોર દુ:ખોની શી વાત! સંસારભ્રમણમાં ભમતા જીવે અજ્ઞાનથી કયા દુ:ખ નહિ ભોગવ્યા હોય!!!

મહા કષ્ટે અસંખ્યાત વર્ષની એ ઘોર નરકયાતનાનો ભોગવટો પૂર્ણ કરીને તે જીવ ગંગાકિનારે સિંહગિરિ પર સિંહ થયો....પાછો ધગધગતા અગ્નિ જેવી પહેલી નરકે ગયો...ને ત્યાંથી નીકળી જંબુદ્વીપના હિમવન્ પર્વત ઉપર દેદીપ્યમાન સિંહ થયો. મહાવીરનો જીવ આ સિંહપર્યાયમાં આત્મલાભ પામ્યો. કઈ રીતે પામ્યો? તે પ્રસંગ જોઈએ:

## * સિંહપર્યાયમાં સમ્યગ્દર્શન *

એકવાર તે સિંહ ક્રૂરપણે હરણને ફાડી ખાતે હતો, ત્યારે આકાશમાર્ગે જઈ રહેલા બે મુનિઓએ તેને દેખ્યો, ને 'આ જીવ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થંકર થવાનો છે' એવા વિદેહના તીર્થંકરના વચનનું સ્મરણ થયું. તેથી દયાવશ આકાશમાર્ગેથી નીચે ઊતરીને મુનિઓએ સિંહને ધર્મનું સંબોધન કર્યું:

હે ભવ્ય મૃગરાજ! આ પહેલાં ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં તેં ઘણા વાંછિત વિષયો ભોગવ્યા ને નરકના અનેક પ્રકારના ઘોર દુઃખો પણ અશરણપણે આક્રન્દ કરીકરીને તે ભોગવ્યા, ત્યારે દશે દિશામાં શરણ માટે તેં પોકાર કર્યો, પણ ક્યાંય તને શરણ ન મળ્યું. અરે! હજી પણ ક્રુરતાપૂર્વક તું પાપનું ઉપાર્જન કરી રહ્યો છે? તારા ઘોર અજ્ઞાનને લીધે હજી સુધી તેં તત્ત્વને ન જાણ્યું. માટે શાંત થા...ને આ દુષ્ટ પરિણામ છોડ...

મુનિરાજનાં મધુર વચનો સાંભળતાં જ સિંહને પૂર્વભવોનું જ્ઞાન થયું, આંખમાંથી આંસુની ધારા ટપકવા લાગી...પરિણામ વિશુદ્ધ થયા...ત્યારે મુનિરાજે જોયું કે આ સિંહના પરિણામ શાંત થયા છે ને તે મારા તરફ આતુરતાથી દેખી રહ્યો છે, તેથી અત્યારે જરૂર તે સમ્યક્ત્વ ગ્રહણ કરશે.

–એમ વિચારી મુનિરાજે તેને શાંતસ્વરૂપી ચૈતન્યનો અપાર મહિમા બતાવ્યો અને પુરુરવા ભીલથી માંડીને તેનાં અનેક ભવો બતાવીને કહ્યું કે હે શાર્દૂલ! હવેના દશામા ભવે તું ભરતક્ષેત્રનો તીર્થંકર થશે–એમ શ્રીધરતીર્થંકરના શ્રીમુખથી વિદેહમાં અમે સાંભળ્યું છે. માટે હે ભવ્ય! તું મિથ્યામાર્ગથી નિવૃત્ત થા ને આત્મહિતકારી એવા સમ્યક્માર્ગમાં પ્રવૃત્ત થા.

મહાવીરનો જીવ (સિંહ) તે મુનિરાજના વચનથી તરત પ્રતિબોધ પામ્યો; તેણે અત્યંત ભક્તિથી વારંવાર મુનિઓને પ્રદક્ષિણા દીધી ને તેમના ચરણોમાં નમ્રીભૂત

થયો. રૌદ્રરસને બદલે તુરત જ શાંતરસ પ્રગટ કર્યો ને તે સમ્યક્ત્વ પામ્યો....એટલું જ નહિ, તેણે નિરાહારવ્રત અંગીકાર કર્યું. અહા, સિંહની શૂર–વીરતા સફળ થઈ. શાસ્ત્રકાર કહે છે કે એ વખતે વૈરાગ્યથી તેણે એવું ઘોર પરાક્રમ પ્રગટ કર્યું કે જો તિર્યંચગતિમાં મોક્ષ હોત તો જરૂર તે મોક્ષ પામ્યો હોત! તે સિંહપર્યાયમાં સમાધિમરણ કરીને સિંહકેતુ નામનો દેવ થયો.

ત્યાંથી ઘાતકીખંડના વિદેહક્ષેત્રમાં કનકોજ્વલ નામનો રાજપુત્ર થયો; હવે ધર્મ–દ્વારા તે જીવ મોક્ષની નજીક પહોંચી રહ્યો હતો. ત્યાં વૈરાગ્યથી સંયમ લઈ સાતમા સ્વર્ગમાં ગયો. ત્યાંથી સાકેતપુરી (અયોધ્યા) માં હરિસેન રાજા થયો ને પછી સંયમી થઈને સ્વર્ગમાં ગયો.

ત્યાંથી ઘાતકીખંડમાં પૂર્વવિદેહની પુંડરીકિણીનગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી રાજા થયો; ક્ષેમંકર તીર્થંકર સમીપ દીક્ષા લીધી ને સહસ્ત્રાર સ્વર્ગમાં સૂર્યપ્રભ–દેવ થયો. ત્યાંથી જંબુદ્વીપના છત્રપુરનગરમાં નંદરાજા થયો; તેણે દીક્ષા લઈ, ઉત્તમ સંયમ પાળી, ૧૨ અંગનું જ્ઞાન પ્રગટ કરી, દર્શનશુદ્ધિ વગેરે ૧૬ ભાવના વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું ને સંસારનો છેદ કર્યો; ઉત્તમ આરાધના સહિત મરીને અચ્યુતસ્વર્ગના પુષ્પોત્તરવિમાનમાં ઇન્દ્ર થયો.

અષાડ સુદ છઠ્ઠે ત્યાંથી ચવીને મહાવીરનો એ મહાન આત્મા, ભરતક્ષેત્રમાં વૈશાલી–કુંડપુરના મહારાજા સિદ્ધાર્થને ત્યાં અંતિમ તીર્થંકરપણે અવતર્યો...પ્રિય–કારિણીમાતાના એ વર્દ્ધમાનપુત્રે ચૈત્ર સુદ તેરસે આ સંસારના જન્મોનો અંત કર્યો.

એકવાર વર્દ્ધમાન બાલતીર્થંકરને દેખતાં જ સંજય ને વિજય નામના મુનિઓનો સૂક્ષ્મ સંદેહ દૂર થયો, તેથી પ્રસન્નતાથી તેઓએ તેમને ‘સન્મતિનાથ’ નામ આપ્યું.

એકવાર સંગમ નામના દેવે ભયંકર સર્પનું રૂપ ધારણ કરીને એ બાળકની નિર્ભયતાની ને વીરતાની પરીક્ષા કરી, અને ભક્તિથી ‘મહાવીર’ નામ આપ્યું.

ત્રીસ વર્ષના કુમારકાળમાં તો એમને જાતિસ્મરણ થયું ને સંસારથી વિરક્ત થઈને (ગુજરાતી કારતક વદ દશમે) સ્વયં દીક્ષિત થયા. તેમને ઉત્તમ ખીરવડે પ્રથમ આહારદાન કૂલપાકનગરીના રાજાએ કર્યું.

ઉજ્જૈનનગરીના વનમાં રૂદ્રે તેમના પર ઘોર ઉપદ્રવ કર્યો, પણ એ વીર મુનિરાજ ધ્યાનથી જરાપણ ન ડગ્યા તે ન ડગ્યા...તેથી નમ્રીભૂત થઈને રૂદ્રે સ્તુતિ કરી ને ‘અતિવીર’ (મહાતિ–મહાવીર) એવું નામ આપ્યું.

કૌશમ્બીનગરીમાં સતી ચન્દનબાળા બેડીથી બંધાયેલી હતી; ત્યારે મુનિરાજ મહાવીર–પ્રભુનાં દર્શન થતાં જ એની બેડીનાં બંધન તૂટી ગયા, ને પરમભક્તિથી તેણે પ્રભુને આહારદાન કર્યું.

સાડાબાર વર્ષ મુનિદશામાં રહીને, વૈશાખ સુદ દસમના રોજ, સમ્મેદશિખરજી તીર્થથી દશેક માઈલ દૂર જૃમ્ભિક ગામની ઋજુકૂલા સરિતાના કિનારે ક્ષપકશ્રેણી માંડીને પ્રભુએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એ અરહંતભગવાન રાજગૃહના વિપુલાચલ પર પધાર્યા. ૬૬ દિવસ બાદ, અષાડ વદ એકમથી દિવ્યધ્વનિ દ્વારા ધર્મામૃતની વર્ષા શરૂ થઈ; તે ઝીલીને ઇન્દ્રભૂતિ–ગૌતમ વગેરે અનેક જીવો પ્રતિબોધ પામ્યા. વીરનાથની ધર્મસભામાં ૭૦૦ તો કેવળી ભગવંતો હતા; કુલ ૧૪૦૦૦ મુનિવરો ને ૩૬૦૦૦ અર્જિકાઓ હતા; એક લાખ શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતા. અસંખ્યદેવો ને સંખ્યાત તિર્યંચો હતા. ત્રીસવર્ષ સુધી લાખો–કરોડો જીવોને પ્રતિબોધીને મહાવીરપ્રભુજી પાવાપુરી નગરીમાં પધાર્યા; ત્યાંના ઉદ્યાનમાં યોગનિરોધ કરીને બિરાજમાન થયા, ને આસોવદ અમાસના પરોઢિયે પરમ સિદ્ધપદને પામી સિદ્ધાલયમાં જઈ બિરાજ્યા. તે સિદ્ધપ્રભુને નમસ્કાર હો.

**અર્હંત સૌ કર્મોતણો, કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા; નમું તેમને.**
**શ્રમણે-જિનો-તીર્થંકરો એ રીતે સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને.**

ભગવાન મહાવીરે જ્યારે મોક્ષગમન કર્યું ત્યારે આસો વદ ૧૪ ની અંધારી રાત હોવા છતાં સર્વત્ર એક ચમત્કારિક દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો, અને ત્રણ લોકના જીવોને ભગવાનના મોક્ષના આનંદકારી સમાચાર મળી ગયા હતા. દેવેન્દ્રો અને નરેન્દ્રોએ ભગવાનના મોક્ષનો મોટો મહોત્સવ કર્યો; ને એ અંધારી રાત કરોડો દીપકોથી ઝગમગી ઊઠી. કરોડો દીપની આવલીથી ઉજવાયેલો એ નિર્વાણમહોત્સવ દીપાવલી પર્વ તરીકે ભારતભરમાં પ્રસિદ્ધ થયો...ને ઈસ્વીસનની પહેલાં ૫૨૭ વર્ષ પૂર્વે બનેલો એ કલ્યાણક પ્રસંગ આજેય આપણે સૌ દીપાવલી–પર્વ તરીકે આનંદથી ઊજવીએ છીએ. દીપાવલી એ ભારતનું સર્વમાન્ય આનંદકારી ધાર્મિક પર્વ છે. આવા આ દીપાવલી પર્વના મંગલ પ્રસંગે વીરપ્રભુની આત્મસાધનાને યાદ કરીને આપણે પણ એ વીરમાર્ગે સંચરીએ ને આત્મામાં રત્નત્રયદીવડા પ્રગટાવીને અપૂર્વ દીપાવલીપર્વ ઊજવીએ.

[ ભગવાન મહાવીરના જીવનનો આ સંક્ષિપ્ત પરિચય તેમ જ બીજા ઉપયોગી લેખોનો સંગ્રહ ‘ભગવાન મહાવીર’ નામની પુસ્તિકારૂપે છપાયેલ છે; તેની એકસો પ્રત માત્ર પંદર રૂપિયામાં ઘેર બેઠા મળી શકે છે. તો સેંકડો–હજારોની સંખ્યામાં તે પુસ્તિકા મંગાવીને દીવાળીપ્રસંગે ઉત્તમ લાણી કરો. બાળકોને પેંડા કરતાં આ પુસ્તક વધુ ગમશે. દીવાળીના અભિનંદન તરીકે મોકલાતા લૌકિક કાર્ડ, ફોલ્ડર્સને બદલે આ પુસ્તિકા મોકલવાનું જિજ્ઞાસુઓને વધુ ગમશે. પાંચ પુસ્તિકા એક સાથે મોકલવાનું પોસ્ટેજ ખર્ચ ( પ્રીન્ટેડ બુક તરીકે ) માત્ર દશ પૈસા લાગે છે.

[ મંગાવવાનું સરનામું: જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ]

## બોધ વચન

( શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષ પહેલાંની નાની વયમાં ૧૨૫ બોધવચનો લખેલાં છે; તે હમણાં અમદાવાદ–મુકામે ગુરુદેવના વાંચવામાં આવ્યા. તેમાંથી નીચેના બોલ વિશેષ ઉપયોગી હોવાથી અહીં આપવામાં આવે છે. ( શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકની બીજી આવૃત્તિ જે ઈ. સ. ૧૯૬૪ માં પ્રસિદ્ધ થયેલ છે તેમાં આ લખાણ છે. )

- સ્વદ્રવ્ય અન્યદ્રવ્યને ભિન્ન-ભિન્ન જુઓ.
- સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
- સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
- સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
- સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
- સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
- સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
- પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
- પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
- પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
- પરભાવથી વિરક્ત થા.

# બેસતા વર્ષની બોણીમાં મોક્ષમાર્ગના આશીર્વાદ

[ સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ વીતરાગતા જયવંત વર્તો ]

-તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.

**શ્રી પંચાસ્તિકાયની આ ૧૭૨ મી ગાથામાં બતાવેલા વીતરાગી મોક્ષમાર્ગ પ્રત્યેના પ્રમોદપૂર્વક “स्वस्ति साक्षात् मोक्षमार्ग...” એમ કહીને આચાર્યદેવ આશીર્વાદ આપે છે કે હે ભવ્ય જીવો! મહાવીર ભગવાને વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ વડે મોક્ષને સાધ્યો, ને તમે પણ એ જ માર્ગને આરાધો.-મોક્ષમાર્ગનો આવો મંગલ સન્દેશ ગુરુદેવે (વીર. સં. ૨૪૯૪ માં) બેસતાવર્ષની બોણીમાં આપ્યો હતો.**

વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવી તે મોક્ષનો ખરો ઉત્સવ છે. ભગવાનના મોક્ષનો ઉત્સવ કોણ ઉજવે? જે મોક્ષાર્થી હોય તે; તે મોક્ષાર્થી જીવ કઈ રીતે નિર્વાણ પામે છે? સાક્ષાત્ મોક્ષનો અભિલાષી ભવ્યજીવ અત્યંત વીતરાગતા વડે ભવસાગરને તરી જઈને, શુદ્ધસ્વરૂપ પરમઅમૃતસમુદ્રને અવગાહીને શીઘ્ર નિર્વાણને પામે છે.

જુઓ, આજે ભગવાનના નિર્વાણના દિવસે નિર્વાણ પામવાની વાત આવી છે. ભગવાન મહાવીર મોક્ષાર્થી થઈને ચિદાનંદસ્વરૂપનું ભાન કરીને તેમાં લીનતાવડે વીતરાગ થયા, એ રીતે રાગદ્વેષમોહરૂપ ભવસાગરથી પાર થઈને, પરમ આનંદના સાગર એવા પોતાના શુદ્ધસ્વરૂપમાં નિમગ્ન થઈને નિર્વાણ પામ્યા; ને નિર્વાણનો આવો જ માર્ગ ભગવાને ભવ્યજીવોને બતાવ્યો; હે ભવ્ય જીવો! સાક્ષાત્ વીતરાગતા જ મોક્ષમાર્ગ છે, તેના વડે જ મોક્ષેચ્છુ ભવ્યજીવો ભવસાગરને તરીને નિર્વાણને પામે છે.

આખા શાસ્ત્રનું એટલે કે જૈનશાસનનું તાત્પર્ય આચાર્યભગવાને આ સૂત્રમાં બતાવ્યું છે. ભવ્યજીવો કઈ રીતે ભવસાગરને તરે છે?–કે વીતરાગતા વડે; બસ! વીતરાગતા તે જ સમસ્ત શાસ્ત્રનું તાત્પર્ય છે, તે જ શાસ્ત્રનું હાર્દ છે. ક્યાંય પણ જરીકેય રાગ રાખીને તરાતું નથી. પણ સઘળી વસ્તુ પ્રત્યેના સમસ્ત રાગને છોડીને, અત્યંત વીતરાગ થઈને ચૈતન્યસ્વરૂપમાં લીનતાવડે જ ભવસાગરને તરાય છે.

'વિસ્તારથી બસ થાઓ! આચાર્યદેવ કહે છે કે વધારે શું કહીએ? બધાય તીર્થંકરભગવંતો આવા વીતરાગી મોક્ષમાર્ગરૂપ ઉપાયવડે જ ભવસાગરને તર્યા છે, ને તેઓએ બીજા મુમુક્ષુ જીવોને પણ એ વીતરાગતાનો જ ઉપદેશ આપ્યો છે. આમ કહીને આવા સાક્ષાત્ મોક્ષમાર્ગ પ્રત્યેના પ્રમોદથી આચાર્યદેવ કહે છે કે અહો! જયવંત વર્તો વીતરાગપણું...કે જે સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રના તાત્પર્યભૂત છે, સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ વીતરાગતા જયવંત વર્તો! આવો મોક્ષમાર્ગ જયવંત વર્તો! ને તેના વડે થયેલી આત્મઉપલબ્ધિ જયવંત વર્તો.

આ પ્રમાણે વીતરાગી સન્તોએ વીતરાગતાના જયજયકાર કરીને વીતરાગભાવને મોક્ષમાર્ગ તરીકે પ્રસિદ્ધ કર્યો છે. બધાય તીર્થંકર ભગવંતોએ આ જ રીતે મોક્ષને સાધ્યો, અને આ જ રીતે તેનો ઉપદેશ કર્યો; માટે નક્કી થાય છે કે આ જ એક નિર્વાણનો માર્ગ છે, બીજો કોઈ નિર્વાણનો માર્ગ નથી. આ રીતે નિર્વાણનો માર્ગ નક્કી કરીને આચાર્યદેવ કહે છે કે બસ, હવે બીજા પ્રલાપથી બસ થાઓ. મારી મતિ વ્યવસ્થિત થઈ છે, મોક્ષમાર્ગનું કાર્ય સધાય છે. આવો મોક્ષમાર્ગ દર્શાવનારા ભગવંતોને નમસ્કાર હો.–

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત્ત થયા, નમું તેમને. ( પ્રવ૦ ૮૨ )**

અહા, સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે આ વીતરાગતાને જ જયવંત કહીને આચાર્યદેવે કમાલ કરી છે. સાક્ષાત્ મોક્ષમાર્ગ એટલે સીધો મોક્ષમાર્ગ, ખરો મોક્ષમાર્ગ તો વીતરાગતા જ છે, એટલે કે મોક્ષમાર્ગમાં પહેલેથી છેલ્લે સુધી ( શરૂઆતથી પૂર્ણતા સુધી ) જે વીતરાગતા છે તે જ મોક્ષમાર્ગ છે; મોક્ષમાર્ગ તરીકે વીતરાગતા જ જયવંત વર્તે છે; રાગનો તો મોક્ષમાર્ગમાંથી ક્ષય થતો જાય છે. આવા વીતરાગભાવરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગને જાણીને તેને આરાધવો તે મહા માંગળિક છે.

જુઓ, આ બેસતા વર્ષની બોણી અને આશીર્વાદ અપાય છે. વીતરાગી મોક્ષમાર્ગ સમજીને તેની આરાધના કરવી તે અપૂર્વ બોણી છે. જેણે આવા વીતરાગીમાર્ગની સમ્યક્ શ્રદ્ધા કરી તેના આત્મામાં અપૂર્વ નવું વર્ષ બેઠું, તેણે મોક્ષનો મહોત્સવ કર્યો ને તેણે સન્તો પાસેથી સાચી બોણી અને આશીર્વાદ મેળવ્યા; ભગવાન મહાવીર જે માર્ગે મોક્ષ પધાર્યા તે જ માર્ગે તે જાય છે.–

**શ્રમણો જિનો તીર્થંકરો એ રીતે સેવી માર્ગને**
**સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.**

卐 દસલક્ષણી-પર્યુષણપર્વની મંગલ પ્રસાદી 卐

# શ્રી અરિહંત આપણા દેવ છે

## તેમના આત્માને ઓળખતાં સમ્યક્ત્વ થાય છે

સોનગઢમાં હમણાં દસલક્ષણીપર્યુષણ દરમિયાન પૂ. ગુરુદેવના જે સમ્યક્ત્વપ્રેરક અપૂર્વ પ્રવચનો થયા તે અહીં વાંચતાં મુમુક્ષુ સાધર્મીઓ આનન્દિત થશે. પ્રવચનસારની ૮૦ મી ગાથામાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપાય દેખાડતાં આચાર્ય શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે અરે જીવ! તું જિન-પરમેશ્વરને લક્ષમાં તો લે. અહો! જૈન-પરમેશ્વર એટલે આપણા અરિહંત-પરમાત્મા દેવ! તેમના મહિમાની શી વાત! જેમનામાં અક્ષય-અમેય પૂર્ણ આનંદ ભરેલો છે, જેમનામાં રાગ-દ્વેષનો લવલેશ નથી, અને જેમનામાં એકલો પરમ શાંત ચૈતન્યભાવ પરિપૂર્ણ પરિણમી રહ્યો છે-એવા મહાન સર્વજ્ઞસ્વરૂપી ભગવાનનો સ્વીકાર કરનારું તારું જ્ઞાન પણ કેટલું મહાન છે?-તે જો. તે જ્ઞાન પણ રાગથી જુદું પડીને અતીન્દ્રિય થઈ જાય છે, અને તે પોતાના સર્વજ્ઞસ્વભાવનો પણ નિશ્ચય કરી લ્યે છે.-આ રીતે તે જ્ઞાન અરિહંતોની પંક્તિમાં બેસી જાય છે ને રાગથી જુદું થઈને મોક્ષમાર્ગમાં ચાલવા માંડે છે.

જુઓ, આ મહાવીરનો માર્ગ! ભગવાન મહાવીરને સર્વજ્ઞ સ્વરૂપ જે બરાબર ઓળખે તેને તો આત્માના શુદ્ધસ્વરૂપની ઓળખાણ થઈને ભેદજ્ઞાન તથા સમ્યગ્દર્શન થઈ જાય છે.-જેણે આવી દશા પ્રગટ કરી તેણે પોતાના આત્મામાં મોક્ષના મંગલ ઉત્સવનો પ્રારંભ કર્યો; તે જ સાચો આનંદમય નિર્વાણ-મહોત્સવ છે.

મોહની સેનાને જીતવાનો ઉપાય શું છે? તેમાં પ્રથમ દર્શનમોહને જીતીને સમ્યગ્દર્શન થવાની રીત શું છે? તે આ પ્રવચનસારની ૮૦ મી ગાથામાં આચાર્યદેવ અલૌકિક રીતે બતાવે છે–

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

અહા, અરિહંતદેવ એટલે કોણ? જેમની ચેતના પરિપૂર્ણ ખીલી ગઈ છે, રાગ–દ્વેષનો કોઇ અંશ જેમનામાં રહ્યો નથી; પૂરું અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયસુખ જેમના સર્વાત્મપ્રદેશોમાં પરિણમી ગયું છે;– આવા શુદ્ધઆત્મા તે અરિહંત છે. તેમના સ્વરૂપને ઓળખતાં શુદ્ધઆત્માનું સ્વરૂપ ઓળખાય છે, એટલે રાગથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માનું સ્વરૂપ પણ ઓળખાય છે, કેમકે નિશ્ચયથી અરિહંતના અને આ આત્માના સ્વરૂપમાં તફાવત નથી.

અહીં મોહક્ષય કરવા માટે ઊપડેલો મુમુક્ષુ જીવ એવો છે કે જેણે બીજા બધા કુમાર્ગ છોડીને સર્વજ્ઞ વીતરાગ એવા અરિહંતદેવને જ ધ્યેય બનાવ્યા છે, ને તે અરિહંતદેવના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખ્યા છે;–આ રીતે અરિહંતને ઓળખીને ત્યાં (અરિહંતના લક્ષમાં) જ અટકી જતો નથી, પણ પોતાના આત્મા સાથે તેનું મિલાન કરીને, તેમના જેવા પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખીને પોતાના આત્મામાં ઢળે છે, ને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપેલી શુદ્ધચેતનારૂપે પોતાનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પામે છે. ત્યાં દર્શનમોહ જીતાઈ જાય છે.

જ્ઞાન અને રાગની ભિન્નતાના અનુભવ માટે અહીં ધ્યેય તરીકે અરિહંત–સર્વજ્ઞ–દેવને લીધા, કેમકે રાગ વગરનો એકલો પરિપૂર્ણ ચૈતન્યભાવ તેમને પ્રગટ છે, તેમના દ્રવ્ય–ગુણ ચેતનમય છે ને પર્યાય પણ ચેતનમય છે,–આ રીતે તેમનો આત્મા સર્વ પ્રકારે શુદ્ધચેતનમય છે, તેને ઓળખતાં આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખાય છે, જ્ઞાનપરિણતિ રાગથી પાર અતીન્દ્રિય થઈને ચેતનમય આત્માની સ્વાનુભૂતિ કરીને તેમાં અંતર્લીન થઈ જાય છે, એટલે અતીન્દ્રિય આનંદ સહિત સમ્યગ્દર્શન થાય છે. સર્વે અરિહંતોએ સમ્યગ્દર્શનની આ જ રીત કહી છે. પોતે જે રીતે મોહનો નાશ કર્યો તેનો જ ઉપદેશ આપણને આપ્યો–નમસ્કાર હો તે અર્હંત ભગવંતોને!

રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વ ઓળખાવવું છે, ને સમસ્ત મોહનો નાશ કરવો છે,

તેથી ઉદાહરણમાં સામે પણ જેમને અંશમાત્ર રાગ કે મોહ નથી એવા સર્વજ્ઞ અરિહંતદેવ લીધા છે; બીજા છદ્મસ્થ–રાગવાળા જીવની વાત નથી લીધી. રાગી જીવોની પર્યાયમાં રાગ દેખીને અજ્ઞાનીને જ્ઞાન અને રાગની ભિન્નતા ઓળખાતી નથી; પણ જ્યાં અરિહંતના આત્માને જાણે ત્યાં રાગ વગરનું શુદ્ધ ચેતનરૂપ જીવતત્ત્વ કેવું છે તે તેના લક્ષમાં આવી જાય છે ને રાગમાં ક્યાંય એકત્વબુદ્ધિ રહેતી નથી; ત્યાં અજ્ઞાનનો નાશ થઈને ભેદજ્ઞાન ને સમ્યક્ત્વ થઈ જાય છે.

અરિહંતને ઓળખતાં રાગ વગરનું ચૈતન્યસ્વરૂપ કેવું છે તે લક્ષમાં લઈને મુમુક્ષુજીવ પોતાના આત્માનો પણ તેવો જ સ્વભાવ નક્કી કરી લ્યે છે. અહો, ચેતનસ્વભાવ આત્મામાં સર્વત્ર પ્રસરેલો છે, દ્રવ્ય ચેતન, ગુણ, ચેતન, પર્યાય ચેતન, એકલા ચૈતન્યભાવનો પિંડ આત્મા, તેમાં ક્યાંય રાગ ન સમાય. આવા પોતાના સ્વરૂપને લક્ષગત કરે ત્યાં નિર્વિકલ્પ અનુભૂતિસ્વરૂપ સમ્યગ્દર્શન થઈ જાય છે.

પહેલાં જ્ઞાનમાં અરિહંતના આત્માનું સ્વરૂપ વિચારે છે, ને પોતાના આત્મા સાથે તેની મેળવણી કરે છે, ત્યાં સુધી જો કે હજી તે જ્ઞાન સાથે ભેદ–વિકલ્પ પણ છે, પણ ત્યારેય જ્ઞાન તો વિકલ્પ વગરના ચેતનસ્વરૂપને નક્કી કરે છે, એટલે તરત જ તે જ્ઞાન, પોતાના ચૈતન્યસ્વભાવની સમ્મુખ થઈને તેનો સમ્યક્ અનુભવ કરે છે, ત્યાં પરલક્ષનો કે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદનો વિકલ્પ રહેતો નથી. અજ્ઞાનીને તો અરિહંતના આત્માની પણ સાચી ઓળખાણ નથી. જીવ જ્યાં અરિહંતના આત્માનું સ્વરૂપ જાણે ત્યાં પોતાના આત્માનું સ્વરૂપ પણ પરમાર્થે તેવું જ છે–એમ પણ તે જાણે છે, એટલે તેને રાગવગરની ચૈતન્યસત્તાનો સ્વીકાર થઈ જાય છે.

અરે, અરિહંતને 'કેવળજ્ઞાન' છે,–એમ કેવળજ્ઞાનના સદ્ભાવનો' જ્ઞાનમાં સ્વીકાર કરવા જાય ત્યાં તો 'રાગના અભાવનો સ્વીકાર થઈ જાય છે, જ્ઞાન રાગથી જુદું પડીને જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈ જાય છે. કેવળજ્ઞાન કહો કે આત્માનો જ્ઞાનસ્વભાવ કહો, તેના નિર્ણયમાં તો વીતરાગભાવનો અતીન્દ્રિય પુરુષાર્થ છે. રાગવડે કે ઇન્દ્રિયજ્ઞાનવડે કેવળજ્ઞાનનો નિર્ણય કદી થઈ શકતો નથી. શુભરાગને કે ઇન્દ્રિયોને જે જ્ઞાનનું સાધન માને છે તેને પણ કેવળજ્ઞાનનો નિશ્ચય થઈ શકતો નથી; કેવળજ્ઞાનમાં રાગ કેવો? ને ઇન્દ્રિયની સહાય કેવી? એવા જ્ઞાનનું સ્વરૂપ નક્કી કરતાં, પોતાના આત્માનું જ્ઞાનસ્વરૂપ પણ તેવું જ, રાગ ને ઇન્દ્રિયો વગરનું છે એમ જીવને શુદ્ધચૈતન્યતત્ત્વ અનુભવમાં આવી

જાય છે; ત્યાં મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે...મોક્ષના દરવાજા ઊઘડી જાય છે. વાહ રે વાહ! અરિહંતોનો માર્ગ!!

અરિહંતોનો માર્ગ તે મોહના નાશનો માર્ગ છે એટલે આત્માના મહાન આનંદની પ્રાપ્તિનો તે માર્ગ છે. અરિહંતના માર્ગને જે અનુસરે તેને આત્માનો આનંદ મળે જ, એટલે સમ્યગ્દર્શનાદિ થાય જ.

વાહ, આચાર્યદેવે અરિહંતનો નમૂનો બતાવીને આત્માનું શુદ્ધસ્વરૂપ એકદમ સ્પષ્ટ બતાવી દીધું છે. મોહના નાશ માટે અરિહંતોને સાથે રાખ્યા છે...અહો, અરિહંતો! તમારા જેવા જ ચેતનસ્વરૂપ મારો આત્મા છે; મારા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને હું જ્યાં ચેતનસ્વરૂપે જ દેખું છું ત્યાં હવે મોહને મારામાં રહેવાનું કોઈ સ્થાન જ ન રહ્યું; ચેતન–ભાવના આશ્રયે મોહ કેમ રહી શકે? એટલે ચેતનભાવરૂપે પોતાના આત્માને અનુભવમાં લેતાં જ મોહ નિરાશ્રય થઈને નાશ પામે છે; કેમકે મોહને રહેવાનો આશ્રય તો મિથ્યાત્વ અને રાગ–દ્વેષ હતા, પણ કાંઈ ચેતનભાવ તેનો આશ્રય નથી. ચેતનભાવમાં તો વીતરાગતા ને પરમ આનંદ છે, તેમાં મોહ રહી શકતો નથી. જુઓ, સમ્યગ્દર્શન થાય ત્યાં આવો આત્મા સ્પષ્ટ વેદનમાં આવી જાય છે.

અરિહંત કહો કે એકલું જ્ઞાનતત્ત્વ કહો, તે પરિસ્પષ્ટ છે, સોળવલા (સો ટચના) સોના જેવું શુદ્ધ છે, પૂર્ણ છે, તેમાં રાગાદિ કોઈ પરભાવની ભેળસેળ નથી.–આવું શુદ્ધ જ્ઞાનતત્ત્વ જાણતાં આત્માના પરિપૂર્ણ શુદ્ધસ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે. 'અર્હંત' એટલે પૂજ્ય; આત્માનું આવું શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે તે પૂજ્ય છે, અર્હંતના સ્વરૂપમાં અને તેના સ્વરૂપમાં કાંઈ ફેર નથી.

જુઓ, આ મહાવીર ભગવાનનો માર્ગ! મહાવીર ભગવાનને સર્વજ્ઞસ્વરૂપે જે ખરેખર ઓળખે તેને તો શુદ્ધ આત્માની ઓળખાણ થઈને ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થઈ જાય છે. જેણે આવી દશા પ્રગટ કરી તેણે પોતાના આત્મામાં મોક્ષનો મંગલ ઉત્સવ ઊજવ્યો; સાચો નિર્વાણ–મહોત્સવ તેણે મહા આનંદપૂર્વક શરૂ કર્યો.

**જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી;**
**તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.**

અરે જીવ! તારા જૈન–પરમેશ્વરને લક્ષમાં તો લે! અહો, જૈનપરમેશ્વર તારા અરિહંત–પરમાત્મા દેવ! એના મહિમાની શી વાત કરવી? જ્યાં અક્ષય–અમાપ પૂર્ણ

આનંદના ઢગલા છે, જ્યાં રાગનો કોઈ લવલેશ નથી, જ્યાં એકલો પરમશાંત ચૈતન્યભાવ પરિપૂર્ણ પરિણમી રહ્યો છે.–આવા મોટા ભગવાનને સ્વીકારનારું તારું જ્ઞાન પણ કેવડું મોટું છે?–એ જ્ઞાન પણ રાગથી છૂટું પડીને અતીન્દ્રિય થઈ જાય છે, ને સર્વજ્ઞસ્વભાવને પોતામાં સ્વીકારી લ્યે છે. એ જ્ઞાન તો અરિહંતોની પંક્તિમાં બેઠું, રાગથી છૂટું પડીને મોક્ષના મારગમાં ચાલવા માંડયું.

* * *

જેના **'જ્ઞાનમાં'** (–રાગમાં નહીં પણ જ્ઞાનમાં) સર્વજ્ઞદેવ બેઠા તેને હવે ભવ–ભ્રમણ હોય નહિ; એનું જ્ઞાન તો સ્વતરફ ઝુકી ગયું ને તેને મોક્ષની સાધના શરૂ થઈ ગઈ; એને હવે અનંત ભવની વાત કેવી? અનંતભવ હોવાની શંકા જેને વર્તે છે તેના જ્ઞાનમાં સર્વજ્ઞ બેઠા નથી; તેના જ્ઞાનમાં (–એટલે કે અજ્ઞાનમાં) તો ભવ બેઠા છે, ભવવગરના મોક્ષસ્વરૂપ ભગવાન તેના જ્ઞાનમાં આવ્યા નથી.–અહો, આમાં તો અંતર્મુખદ્રષ્ટિની ઘણી ગંભીરતા છે.

સમયસાર ગાથા ૧૧ માં (भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो।) ભૂતાર્થસ્વભાવના આશ્રયથી જ જીવને સમ્યગ્દર્શન કહ્યું છે. અને અહીં (પ્રવચનસાર ગાથા ૮૦ માં) તે ભૂતાર્થસ્વભાવ કેવો છે તે અરિહંતદેવના દ્રષ્ટાંતથી સમજાવ્યું છેઃ જેમ અરિહંતભગવાન સર્વપ્રકારે એટલે કે દ્રવ્યથી ગુણથી ને પર્યાયથી શુદ્ધચેતનરૂપ છે, તેમાં ક્યાંય રાગનો સંબંધ નથી; તેમ મારા આત્મામાં પણ ચેતનપણે નિત્ય ટકતું જે અન્વયપણું છે તે દ્રવ્ય છે, ચૈતન્ય એવું જે મારું વિશેષણ છે તે ગુણ છે, ને ચૈતન્યપ્રવાહમાં ક્ષણે ક્ષણે થતી જુદીજુદી ચેતનપરિણતિ તે મારી પર્યાય છે; આમ દ્રવ્ય –ગુણ–પર્યાય ત્રણેય એક ચૈતન્યભાવરૂપ જ છે. આ રીતે ત્રણેને એક ચૈતન્યસ્વભાવમાં જ સમાડીને, ભેદ વગરના અભેદ આત્માને દ્રષ્ટિમાં લેવો તે ભૂતાર્થદ્રષ્ટિ છે, ને તે જ સમ્યગ્દર્શન છે. સમયસારની ૧૧ મી ગાથા કે પ્રવચનસારની ૮૦ મી ગાથા,–બંનેમાં સમ્યગ્દર્શનનો મૂળભૂત ઉપાય એક જ બતાવ્યો છે, બંને ગાથા એક કુંદકુંદસ્વામીની જ લખેલી છે, ને બંનેના ટીકાકાર પણ એક અમૃતચંદ્રસ્વામી જ છે; આચાર્યભગવંતોએ સમ્યગ્દર્શનના ગંભીર રહસ્યો ખુલ્લા કરીને સમજાવ્યા છે; બધાનું તાત્પર્ય એક જ છે.

અરિહંત જેવા પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને ચેતનરૂપ જાણીને, પછી તે ત્રણ ભેદને પણ દૂર કરીને ચેતનપર્યાયોને તેમજ ચૈતન્યગુણને એક દ્રવ્યમાં જ ભેળવીને, અભેદરૂપ એક આત્માને દ્રષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન છે.–આનું જ નામ ભૂતાર્થનો આશ્રય

છે; આ જ શુદ્ધનય છે, ને આ જ ચૈતન્ય ચિંતામણિની પ્રાપ્તિ છે. વાહ રે વાહ! અરિહંતોના માર્ગમાં સમ્યગ્દર્શનની રીત બતાવીને ભવ્યજીવોને ન્યાલ કરી દીધા છે.

સમ્યગ્દર્શનના અનુભવમાં દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદની વાસના રહેતી નથી, ભેદ અલોપ થઈ જાય છે ને એક સર્વોપરી ચૈતન્યતત્ત્વ પ્રસિદ્ધ થાય છે.

જુઓ, સમ્યગ્દર્શન પામવા માટે મુમુક્ષુજીવ કેવો ઉપાય કરે છે તેનું આ વર્ણન છે.

મુમુક્ષુજીવ પ્રથમ તો બીજે બધેથી છૂટીને, વીતરાગ જિનશાસનમાં આવ્યો, ને અરિહંત–સર્વજ્ઞપરમાત્માને પોતાના આરાધ્યદેવ તરીકે સ્વીકાર્યા. હવે તે અરિહંતદેવના આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સર્વથા રાગ વગરનાં, ને શુદ્ધ ચેતનમય છે–એમ ઓળખીને પોતાના આત્માનું તેની સાથે મિલાન કર્યું; પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયને ચેતનલક્ષણથી જાણીને રાગથી તો જુદા પાડયા; હવે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદમાં પણ ઊભો નથી રહેતો, પણ ચેતનપર્યાયને દ્રવ્યમાં જ સમાવીને અભેદ કરે છે, જુદી નથી રાખતો; એ જ રીતે ગુણને પણ દ્રવ્યમાં જ અંતર્લીન કરીને, દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેથી અભેદસ્વરૂપ આત્મામાં ઉપયોગને એકાગ્ર કરીને નિષ્કંપપણે અનુભવ કરે છે– એ જ ક્ષણે સમ્યગ્દર્શન થાય છે ને મોહનો નાશ થાય છે.

જુઓ, સમ્યગ્દ્રષ્ટિ પર્યાયને તથા ગુણને આત્મદ્રવ્યમાં અભેદ કરીને અનુભવે છે, ત્યાં જે પર્યાયને અંતર્લીન કરી છે તે શુદ્ધ છે, ચૈતન્યપરિણતિરૂપ છે, તેમાં રાગપર્યાય ન આવે. રાગ તો ચૈતન્યની અનુભૂતિથી બહાર રહી ગયો; એક પર્યાયમાં સ્વભાવ ને પરભાવ જુદા પડી ગયા; પર્યાયમાં જે ચૈતનભાવ છે તેને તો ચેતન્યદ્રવ્ય સાથે અભેદ કર્યો; ને રાગાદિ પરભાવોને ચૈતન્યથી ભિન્ન જાણ્યા.–આવા ઉપાયથી આત્માની અનુભૂતિ થતાં અરિહંત જેવા અતીન્દ્રિય આનંદનો સ્વાદ પોતામાં પણ આવે છે. આ તો કોઈ અદ્‌ભુત અલૌકિક દશા છે. અરિહંત જેવો આત્મા ધ્યેયમાં લેતાં અરિહંતદેવ જેવી દશા અંશે પોતાને પ્રગટી, એટલે પોતે હવે અરિહંતનો નંદન થયો, ભગવાનનો પુત્ર થયો, તીર્થંકરોના પરિવારનો થઈને તેમના માર્ગમાં ભળ્યો.–આનું નામ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનના ધ્યેયમાં ‘આ દ્રવ્ય’ એવો ભેદ પણ નથી; આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય–એવા ભેદો અસ્ત થઈને એક સર્વોપરી ચેતનતત્ત્વને જાણતાવેંત વિકલ્પોની ક્રિયા અટકી જાય છે, ને નિષ્ક્રિય એવા ચૈતન્યભાવ પ્રગટે છે, તે ચૈતન્યભાવ આત્માના અનંતગુણના રસથી ભરેલો છે. અહા! દ્રવ્યપર્યાયના ભેદ પણ જેમાં નથી, એવી અનુભૂતિમાં

દ્રવ્ય–ગુણ–નિર્મળપર્યાય બધું અભેદપણે સ્વાદમાં આવી જાય છે, તે સમ્યગ્જ્ઞાન છે; તે સમ્યગ્દર્શન છે, તે શાંતિ છે, તે સમયસાર છે; ધર્મને માટે જે કાંઈ કહો તે બધું તેમાં સમાય છે, કેમકે તેમાં અનંતગુણનો રસ એકરસપણે સ્વાદમાં આવે છે. અનંતગુણનું નિર્મળપરિણમન સમ્યગ્દર્શન થતાં જ ઉલ્લસે છે. પણ 'આ દ્રવ્ય કર્તા, નિર્મળ પરિણામ કાર્ય, ને પરિણમન તે ક્રિયા' એવા ત્રણ ભેદના વિકલ્પનું વેદન જ્ઞાનમાં આવતું નથી; જ્ઞાનનો સ્વાદ વિકલ્પથી છૂટો પડી ગયો છે; એટલે કર્તા–કર્મ–ક્રિયાના ભેદના વિકલ્પરૂપ ક્રિયા જ્ઞાનમાં રહેતી નથી, તે અપેક્ષાએ ચિન્માત્રભાવને નિષ્ક્રિય કહ્યો છે,–પણ ત્યાં પરિણતિ છે જ નહિ–એવો નિષ્ક્રિયનો અર્થ નથી.

આત્માના સાચા સ્વરૂપનો નિશ્ચય કરવા માટે પહેલાં ઉદાહરણરૂપે અરિહંતદેવને લક્ષમાં લીધા; પણ જ્ઞાનમાં અરિહંત જેવા આત્મસ્વરૂપનો નિર્ણય કરીને પછી અનુભવ કરવાના ટાણે અરિહંત ઉપર લક્ષ નથી રહેતું પણ ઉપયોગ અંદર પોતાના ચૈતન્યસ્વભાવમાં ઝૂકી જાય છે, ને તે સ્વભાવના કોઈ પરમ અદ્ભુત મહિમાને જાણતાં જ જ્ઞાન તેમાં એવું લીન થઈ જાય છે કે દ્રવ્ય–ગુણ–પર્યાયના કે કર્તા–કર્મ–ક્રિયાના ભેદના વિકલ્પો પણ રહેતા નથી, નિર્વિકલ્પપણે ચેતના પોતાના સ્વરૂપનું વેદન કરે છે, ને તે જ વખતે અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.–જેણે આવું કર્યું તે જીવે ચેતનભાવવડે ભગવાનની સાચી ભક્તિ કરી; અજ્ઞાનીએ જ્ઞાન વગર એકલા રાગવડે ભગવાનની ભક્તિ તો કરી, પણ તેથી તેને ભવનો અંત ન આવ્યો; ને રાગથી ભિન્ન પડીને જ્ઞાનચેતના વડે જેણે એકવાર પણ ભગવાનને ભજ્યા તેના ભવનો અંત આવી ગયો. વાહ રે વાહ! (૮) આઠ કર્મને (૦) શૂન્ય કરીને સિદ્ધપદ પમાય એવો ઉપાય આચાર્યભગવાને આ '૮૦' મી ગાથામાં પ્રસિદ્ધ કર્યો છે. મોહના નાશના ને મોક્ષની પ્રાપ્તિના અફર મંત્રો જગતને આપ્યા છે.

અહા, એક આત્મામાં દ્રવ્ય–ગુણ– પર્યાય એવા ત્રણ પ્રકાર હોવા છતાં તે ત્રણેને એકમાં સમાવીને એકરૂપ આત્માની અનુભૂતિ કરવી,–આવો અપૂર્વ અનેકાન્તસ્વભાવ, જૈનશાસન સિવાય બીજું કોઈ બતાવી શકે નહિ, ને સમ્યગ્દ્રષ્ટિ જૈન સિવાય બીજાને તે સમજાય નહિ. આ સમજે ત્યાં સમ્યગ્દર્શન થાય ને મોક્ષમાર્ગ ખુલી જાય.–આવો અપૂર્વ આનંદમય માર્ગ જૈન–સંતોએ જગતને દેખાડયો છે.

**卐 તે માર્ગ સમજીને તેમા ચાલવું તે સાચો નિર્વાણ-મહોત્સવ છે. 卐**

# મોહના ક્ષયનો ઉપાય

**જિનવાણીનો સમ્યક્અભ્યાસ મોહને તોડવા માટેનું બ્રહ્માસ્ત્ર છે. ભાવજ્ઞાનવડે જિનવાણીની ઉપાસના કરતાં મુમુક્ષુના અંતરમાં આનંદની ધારા ઉલ્લસે છે...ને મોહનો નાશ થાય છે.**

જિનવાણીનો પરમ મહિમા બતાવીને, મુમુક્ષુજીવને તે જિનવાણીના સમ્યક્અભ્યાસદ્વારા આત્મપ્રાપ્તિનું શૌર્ય જગાડનારાં આ પ્રવચનો વાંચતાં, જિજ્ઞાસુજીવો આનંદસહિત આત્મ-પ્રયત્નમાં ઉલ્લસિત થશે. (પ્રવચનસાર ગાથા ૮૬ થી ૯૦ નાં પ્રવચનોનો સાર અહીં આપ્યો છે.) મુમુક્ષુજીવ 'સહૃદય' છે એટલે દ્રવ્યશ્રુતના અભ્યાસવડે જ્ઞાનીસંતોના હૃદયના તળીયાને સ્પર્શીને તેમના ભાવોને જાણી લ્યે છે. શબ્દોમાં નથી રોકાતો પણ જ્ઞાનીના હૃદયમાં પહોંચી જાય છે, ત્યાં તેને આનંદની શાંતધારા ઉલ્લસે છે.

-આ માટે અંદર આત્માની લગન લાગવી જોઈએ. શાસ્ત્રાભ્યાસનો હેતુ કાંઈ શાસ્ત્ર સામે જોઈને બેસી રહેવાનો નથી પણ શાસ્ત્રમાં જેવો કહ્યો તેવો પોતાનો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા લક્ષમાં લઈને તેનું સ્વસંવેદન કરવું તે મુમુક્ષુનો હેતુ છે, ને એવું ચૈતન્ય-સંવેદન થતું જાય તે જ સમ્યક્ શાસ્ત્રાભ્યાસછે. તેના ફળમાં આનંદની પ્રાપ્તિ ને મોહનો નાશ થાય છે. મુમુક્ષુને શાસ્ત્રઅભ્યાસમાં વિકલ્પ ગૌણ છે ને જ્ઞાન મુખ્ય છે; તે જ્ઞાન આત્માના સ્વભાવને અનુસરીને વિકલ્પથી જાુદું કામ કરે છે.

**શાસ્ત્રોવડે પ્રત્યક્ષ આદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. (૮૬)**

જાુઓ, આ મોહના નાશનો ઉપાય! પહેલાં ૮૦ મી ગાથામાં, અરિહંતદેવના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખતાં આત્માની ઓળખાણ થઈને દર્શનમોહનો ક્ષય થાય છે–એમ કહ્યું (–જેના સુંદર પ્રવચનો આ અંકમાં જ આપે વાંચ્યા); હવે અહીં ૮૬મી ગાથામાં પણ કહે છે કે–જિનશાસ્ત્રોના અભ્યાસવડે પ્રત્યક્ષ–પ્રમાણની મુખ્યતાપૂર્વક પદાર્થોને જાણતાં ચોક્કસ મોહનો ક્ષય થાય છે; માટે શાસ્ત્ર સમ્યક્પ્રકારે અભ્યાસવા યોગ્ય છે, એટલે કે શાસ્ત્રમાં કહેલા જીવાદિ તત્ત્વોનું સમ્યક્સ્વરૂપ જાણવા યોગ્ય છે.–આ બંને (ગા. ૮૦ તથા ૮૬ નાં) કથન એકબીજાના સાપેક્ષ છે, તેમનામાં કોઈ વિરોધ નથી.

અરિહંત–સર્વજ્ઞદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખવા જાય, ત્યાં તે અરિહંતદેવની વાણીમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ કેવું બતાવ્યું છે–તેનું પણ ભાવશ્રુતજ્ઞાન ભેગું આવી જાય છે. અરિહંતભગવાનના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય ચેતનમય છે એમ જાણવાનું કહ્યું,–હવે તે જણાય કઈ રીતે? કે સર્વજ્ઞે કહેલા આગમના ભાવશ્રુતજ્ઞાનવડે જ શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ્ઞાન થાય છે. આવા ભાવશ્રુતજ્ઞાનમાં આનંદના તરંગ ઉલ્લસે છે, ને તે જ્ઞાનની તાકાતથી મોહનો નાશ જરૂર થાય છે.

સર્વજ્ઞનું સ્વરૂપ જાણવા જાય ત્યાં તેમણે કહેલા આગમનું જ્ઞાન પણ થઈ જ જાય છે; ને સર્વજ્ઞના આગમમાં જે કહ્યું છે તેનો સાચા ભાવથી અભ્યાસ કરતાં સર્વજ્ઞના સ્વરૂપનું પણ જ્ઞાન તેમાં આવી જ જાય છે. આ રીતે અરિહંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયનું જ્ઞાન, અને આગમનું જ્ઞાન, એ બંને પરસ્પર સાપેક્ષ છે, એકની સાથે બીજાું આવી જ જાય છે.

સર્વજ્ઞદેવે કહેલાં પાંચ–પરમાગમ આપણે અહીં (સોનગઢમાં) આરસમાં તો કોતરાઈ ગયા છે, તેના ભાવ મુમુક્ષુએ પોતાના હૃદયની જ્ઞાનશિલામાં કોતરી લેવા જોઈએ,–તો જ તેના ભાવોનું સાચું જ્ઞાન થતાં મોહનો નાશ થઈને અપૂર્વ મોક્ષમાર્ગ પ્રગટે. માટે આચાર્યદેવ કહે છે કે મોહના નાશને અર્થે સર્વજ્ઞની વાણીરૂપ આગમનો અભ્યાસ કરવો; કઈ રીતે અભ્યાસ કરવો? કે ભાવશ્રુતજ્ઞાનના અવલંબનથી દ્રઢ કરેલા સમ્યક્ પરિણામવડે અભ્યાસ કરવો; ભાવશ્રુતજ્ઞાન અંદરમાં ઢળે છે, એટલે સ્વલક્ષે જે જિનવાણીનો અભ્યાસ કરે છે તેને તો શબ્દે–શબ્દનું જ્ઞાન કરતાં પરમઆનંદરસ ઝરે છે. માટે સમ્યક્ પ્રકારે જિનાગમનો અભ્યાસ કર્તવ્ય છે.

## * જિનાગમમાં શું કહ્યું છે ? *

જુઓ, સર્વજ્ઞદેવે કહેલા આગમનો અભ્યાસ કરવાનું કહ્યું તેમાં ઘણા ભાવો ભર્યા છે. પ્રથમ તો અભ્યાસ કરનારને સર્વજ્ઞની પ્રતીતિ છે; તે સર્વજ્ઞના કહેલા આગમનો અભ્યાસ એટલે તે આગમમાં જે વસ્તુસ્વરૂપ કહ્યું છે તેનું જ્ઞાન; શું કહ્યું છે ?

**સમસ્ત જિનાગમોએ વીતરાગતાને જ તાત્પર્ય કહ્યું છે.**
**વીતરાગતા સ્વદ્રવ્યના જ આશ્રયે થાય છે.**
**સ્વદ્રવ્યનો આશ્રય તેના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન વડે જ થાય છે.**
**જિનશાસ્ત્રોમાં ક્યાંય પણ રાગ-દ્વેષને તાત્પર્ય કહ્યું નથી;**
**પરદ્રવ્યના આશ્રયે જીવનું કલ્યાણ થવાનું કહ્યું નથી.**

શ્રી જિનવાણી કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય જ્ઞાનસ્વરૂપથી રચાયેલાં છે; તેમાં રાગાદિની કે જડની ભેળસેળ નથી; આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને, શ્રદ્ધા કરીને, તેની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. એટલે સ્વભાવ તરફ ઢળવાનું સાચું તાત્પર્ય સમજીને જે જીવ અંતર્મુખ થાય છે તેણે જ શાસ્ત્રના સાચા ભાવોનો અભ્યાસ કર્યો છે, ને તેનો મોહ જરૂર નષ્ટ થાય છે. પણ જો શાસ્ત્ર તરફના શુભરાગને જ સર્વસ્વ સમજીને, તેમાં જ અટકીને ઊભો રહી જાય તો તે જીવે શાસ્ત્રના ભાવનો અભ્યાસ નથી કર્યો, પણ પોતાના રાગનો જ અભ્યાસ કર્યો છે. શાસ્ત્રે તો એમ કહ્યું હતું કે તું રાગથી ભિન્ન એવા તારા ચૈતન્યસ્વરૂપને દેખ, ચૈતન્યના સ્વસંવેદનવડે પ્રત્યક્ષ જ્ઞાનથી આત્માને જાણ,–તો તારો મોહ નાશ થશે. હવે એમ કરવાને બદલે શાસ્ત્ર તરફના રાગ-વિકલ્પમાં જ લાભ માનીને તેમાં જ જે અટકી જાય તેણે તો શાસ્ત્ર–આજ્ઞાથી વિરુદ્ધ ક્રીડા કરી છે. જે શાસ્ત્ર–આજ્ઞાઅનુસાર વસ્તુસ્વરૂપ લક્ષમાં લઈને ભાવશ્રુતજ્ઞાનથી સમ્યક્ ક્રીડા (ઉલ્લાસથી વારંવાર તેનું મનન) કરે તેને તો પદે–પદે પોતાનું સ્વરૂપ રાગથી ભિન્ન, ચેતનમય ભાસે છે તથા આનંદના ફુવારા ઊછળે છે; ને મોહનો નાશ થઈ જાય છે.

વાહ! જિનશાસ્ત્રનો અભ્યાસ કેમ કરાય ? ને તેના ફળમાં તરત જ કેવો આનંદ આવે ? તે આચાર્યદેવે અહીં બતાવ્યું છે; આમાં સ્વસન્મુખ ભાવશ્રુતના અભ્યાસની અદ્ભુત વાત છે.

ભગવાન સર્વજ્ઞદેવે જે પ્રત્યક્ષ જાણ્યું તે જ જિનાગમમાં કહ્યું છે, તેથી તે સર્વ પ્રકારે અબાધિત છે. એવા અબાધિત પ્રમાણરૂપ જિનાગમને પ્રાપ્ત કરીને મુમુક્ષુ શું

કરે છે? કે તેમાં ક્રીડા કરે છે; તેમાં ક્રીડા કરતાં તેનાં ઘોલન વડે વિશિષ્ટ સ્વસંવેદન–શક્તિરૂપ સંપદા પ્રગટે છે; તે સહૃદય ભાવુક જીવના અંતરમાં આનંદના ઉદ્‌ભેદ દેનારા એવા પ્રત્યક્ષ પ્રમાણવડે, તથા પ્રત્યક્ષપૂર્વકના અનુમાન–આગમાદિ પ્રમાણોવડે સ્વ–પર સમસ્ત વસ્તુનું સ્વરૂપ જાણતાં મોહનો નાશ થાય છે. બસ, આ છે મોહના નાશનો ઉપાય!

## * જ્ઞાનની ક્રીડા *

મુમુક્ષુજીવ જિનવાણીને પ્રાપ્ત કરીને તેમાં “ક્રીડા કરે છે’–એટલે જિનાગમમાં આત્માનું જેવું સ્વરૂપ કહ્યું છે, તેવું આનંદપૂર્વક અભ્યાસમાં લઈને તેનો નિર્ણય કરે છે. તેમાં એને કંટાળો કે બોજો નથી લાગતો પણ જ્ઞાનની મજા આવે છે એટલે ક્રીડા કરે છે–એમ કહ્યું. પહેલાં અજ્ઞાનમાં રાગની રમત કરતો, હવે જિનાગમના અભ્યાસવડે જ્ઞાનની રમત માંડી છે; અંદરના વસ્તુસ્વરૂપને જાણવામાં શ્રુતજ્ઞાનના અનંત પડખાં દ્વારા નવા–નવા અદ્‌ભુત ભાવો જાગે છે તે શ્રુતજ્ઞાનની કેલિ છે; એવી જ્ઞાનક્રીડા વડે મુમુક્ષુજીવ, ભગવાન અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને તથા પરમાર્થે પોતાના આત્માના તેવા સ્વરૂપને નક્કી કરે છે; તેને યથાર્થ વસ્તુસ્વરૂપ જ્ઞાનમાં આવતાંવેંત જ આનંદના સંવેદન સહિત પ્રત્યક્ષ પ્રમાણરૂપ સમ્યગ્જ્ઞાન પ્રગટે છે; અને મોહનો નાશ થઈ જાય છે. જિનવચન–અનુસાર વસ્તુના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય ત્યાં મોહ રહી શકે જ નહિ.

સર્વજ્ઞદેવના ચેતનરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને, તેની સાથે પોતાના આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયની મેળવણી કરતાં, રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતાનું ભાન થઇને, દ્રવ્યમાં ગુણ–પર્યાયને અભેદ કરીને આત્માનો અનુભવ થાય છે, ત્યાં મોહનો નાશ થઈને સમ્યક્ત્વ થાય છે. (એ વાત ૮૦ મી ગાથામાં કરી.) એ જ રીતે ભગવાનના આગમમાં દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ સ્વ–પર વસ્તુનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જેમ કહ્યું છે તેમ, આત્માના સ્વ–સંવેદનપ્રત્યક્ષ પ્રમાણ સહિત જાણતાં મોહનો જરૂર નાશ થાય છે, એટલે સમ્યગ્જ્ઞાન થાય છે.–તેથી મોહના ક્ષયને અર્થે મુમુક્ષુએ ભાવશ્રુતજ્ઞાનના અવલંબનવડે સમ્યક્ પ્રકારે જિનાગમનો અભ્યાસ કર્તવ્ય છે. (એ વાત ૮૬ મી ગાથામાં કરી.)

## * પ્રથમ ભૂમિકામાં ગમન *

“જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવને.....મોહ ક્ષય પામે જ

છે.’ જુઓ, ‘પ્રથમ ભૂમિકામાં ગમન’ એટલે શું?–કે અનાદિથી અજ્ઞાન ભૂમિકામાં જે કર્યું તે રીતે નહિ, પણ તેનાથી જુદી રીતે ધર્મની શરૂઆત કરવા જે તૈયાર થયો છે તે જીવ ધર્મની શરૂઆતમાં પ્રથમ તો સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કરે છે; તેને જિનવાણીમાં ક્રીડા કરવાથી માંડીને મોહનો ક્ષય થતાં સુધીમાં વચ્ચે શું–શું થાય છે તે બધું આચાર્યદેવે અલૌકિક રીતે બતાવીને, અનુભવનો ઉપાય સ્પષ્ટ દેખાડયો છે. હવે તે પ્રમાણે પોતાની અંદર પ્રયોગ કરીને પ્રયત્નવડે આત્માનો સાક્ષાત્ અનુભવ કરવો તે મુમુક્ષુનું કામ છે. જ્યાં મુમુક્ષુએ અનુભવ કરવા માટેની ‘પ્રથમ ભૂમિકા’ માં ગમન કર્યું ત્યાં જ બીજે બધેથી રસ છૂટીને, મારું ચૈતન્યતત્ત્વ જિનાગમમાં કેવું કહ્યું છે–તેને શોધવા માટે ભાવ–જ્ઞાનથી જિનાગમમાં ક્રીડા કરે છે; આત્મા પ્રત્યે પરમ પ્રેમપૂર્વક અપૂર્વભાવે તેનો અભ્યાસ કરે છે. અનાદિથી જે કર્યું તે જ કરે તેને ‘પ્રથમ’ કેમ કહેવાય? ‘પ્રથમ’ નો અર્થ એ છે કે, અનાદિથી ચાલતી આવેલી અશુદ્ધ પરિણતિથી જુદી જાતની નવી શરૂઆત કરે છે...જિનાગમે જેવો આત્મસ્વભાવ કહ્યો તેવો લક્ષગત કરીને જ્ઞાનને તેમાં લઈ જાય છે; રાગવડે નહિ પણ ભાવશ્રુતજ્ઞાનની ક્રીડાવડે નવી અપૂર્વ શરૂઆત કરે છે, –મુમુક્ષુજીવના અંતરના પ્રયત્નની આ અપૂર્વ વાત છે.

## * મુમુક્ષુને વિશિષ્ટ સ્વસંવેદન-શક્તિરૂપ સંપદા પ્રગટે છે *

મુમુક્ષુજીવ જેમ જેમ જિનવાણીમાં ક્રીડા કરે છે–તેમ તેમ તેની વિશિષ્ટ સ્વસંવેદનશક્તિ ખીલતી જાય છે. ‘આ મારો ચૈતન્યભાવ છે, આ રાગભાવો છે તે ચૈતન્યની જાતથી જુદા છે’–એમ સ્વ–પર ભાવોનું સ્પષ્ટ ભિન્નપણું તેના વેદનમાં ભાસતું જાય છે; ભેદજ્ઞાનના અભ્યાસના વારંવાર સંસ્કારથી ઊંડે–ઊંડે ઊતરતાં જ્ઞાનમાં જે સ્વસંવેદનરૂપ શક્તિ ખીલવા માંડી–તેને ‘વિશિષ્ટ’ કહી છે. વિશિષ્ટ એટલે સામાન્ય જાણપણાની વાત નથી, પણ અંદરમાં આત્મા તરફ જે જ્ઞાન ઝૂકતું જાય છે, ને રાગથી અધિક થવા માંડયું છે, તે વિશિષ્ટ છે. આવા વિશિષ્ટ જ્ઞાનરૂપ સ્વસંવેદનશક્તિ તે મુમુક્ષુની સંપદા છે; રાગને સંપદા ન કીધી, પણ સ્વસન્મુખીજ્ઞાન તે સંપદા છે. આવી જ્ઞાનસંપદા પ્રગટ કરીને...સ્વ–પર તત્ત્વોને યથાર્થસ્વરૂપે જાણે છે.–કઈ રીતે જાણે છે? પોતાના આત્માને તો સ્વસંવેદનપ્રત્યક્ષ પ્રમાણવડે અનુભવગમ્ય કરીને જાણે છે, તે ઉપરાંત પ્રત્યક્ષથી અવિરુદ્ધ અન્ય પ્રમાણો (જિનાગમ વગેરે) દ્વારા સમસ્ત તત્ત્વોને યથાર્થ સ્વરૂપે જાણે છે; ત્યાં જ્ઞાનમાં કોઇ વિપરીતતા રહેતી નથી ને મોહનો ઢગલો (–દર્શનમોહ) નષ્ટ થઈ જાય છે.

## પ્રત્યક્ષપ્રમાણ સહૃદય જનોના હૃદયને આનંદના ફૂવારા આપે છે

અહીં મુમુક્ષુજીવ 'સહૃદય' છે, એટલે સંતોએ કહેલું જે દ્રવ્યશ્રુત, તેના અભ્યાસ વડે જ્ઞાનીઓના હૃદયના તળીયાંને સ્પર્શીને તેમના શુદ્ધ ભાવોને તે ઓળખી લ્યે છે; શબ્દોમાં નથી રોકાઈ જતો પણ જ્ઞાનીના હૃદયમાં પહોંચી જાય છે ને તેમણે કહેલા શુદ્ધ જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ સમ્યક્પરિણામવડે જાણી લ્યે છે. આવું જાણતાં તે સહૃદય–મુમુક્ષુના અંતરમાં આનંદનો ઉદ્ભેદ થાય છે, શાંતિનો ફુવારો ઊછળે છે, સમ્યગ્જ્ઞાનની સાથે જ તેને અતીન્દ્રય આનંદની અનુભૂતિ થાય છે. તે જીવ સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ સ્વાનુભવપ્રમાણથી તો પોતાના આત્માનું સમ્યક્સ્વરૂપ જાણે છે, ને તેવા પ્રત્યક્ષપૂર્વક પરોક્ષપ્રમાણવડે સમસ્ત તત્ત્વોને જાણે છે. પ્રત્યક્ષવગરનું એકલું પરોક્ષ તે ખરેખર પ્રમાણ નથી.

પ્રશ્નઃ –શાસ્ત્રના અભ્યાસમાં તો વિકલ્પ છે?

ઉત્તરઃ–મુમુક્ષુનું જોર વિકલ્પ ઉપર નથી; પણ શાસ્ત્ર શું કહે છે તેના ઉપર વલણ છે. વિકલ્પ હોય છે પણ તે વખતે જ્ઞાનનું જોર તો વિકલ્પથી પાર એવા શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ ઝુકી રહ્યું છે. 'આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, તેનો નિર્ણય કરીને તમારી પર્યાયને તેમાં અભેદ પરિણમાવો'–એમ શાસ્ત્રોની આજ્ઞા છે, તેથી તે શાસ્ત્રનો સમ્યક્ અભ્યાસ કરનાર મુમુક્ષુને તો અંદરમાં તેવા વાચ્યરૂપ પોતાનો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા સ્વસંવેદનમાં આવતો જાય છે, ને મોહનો નાશ થતો જાય છે.–આ માટે અંદર આત્માની લગની લાગવી જોઈએ. શાસ્ત્રઅભ્યાસનો હેતુ કાંઈ શબ્દો સામે જોઈને બેસી રહેવાનો નથી, પણ શાસ્ત્રમાં જેવો કહ્યો તેવો પોતાનો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા લક્ષમાં લઈને તેનું સ્વસંવેદન કરવું તે મુમુક્ષુનો હેતુ છે, ને એવું ચૈતન્ય–સંવેદન થતું જાય તે જ સમ્યક્ શાસ્ત્રઅભ્યાસ છે. તેના ફળમાં આનંદની પ્રાપ્તિ ને મોહનો નાશ જરૂર થાય છે.–આ અપેક્ષાએ શ્રુતના અભ્યાસથી નિર્જરા થવાનું પણ કહ્યું છે.

શાસ્ત્રના અભ્યાસમાં તો વિકલ્પ છે?

આત્માના લક્ષપૂર્વક જ્યાં શાસ્ત્રનો અભ્યાસ છે ત્યાં વિકલ્પ ગૌણ છે ને જ્ઞાન મુખ્ય છે. તે જ્ઞાન, આત્માને અનુસરીને વિકલ્પથી જુદું કામ કરે છે. વિકલ્પ તૂટતા જાય છે ને જ્ઞાનરસનું ઘોલન વધતું જાય છે. સમયસારના ત્રીજા કળશમાં પણ અમૃતચંદ્રસ્વામીએ કહ્યું છે–કે–'આ સમયસારની વ્યાખ્યાથી જ મારા આત્માની પરમવિશુદ્ધિ થાઓ. ' છેલ્લે

૪૧૫ મી ગાથામાં કુંદકુંદસ્વામીએ પણ કહ્યું છે કે–

આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,

ઠરશે અરથમાં આતમા જે સૌખ્ય ઉત્તમ તે થશે.

અહીં પણ કહે છે કે મોહનો ક્ષય કરવા માટે, ભાવજ્ઞાનના અવલંબનથી દ્રઢ કરેલા પરિણામવડે, શબ્દબ્રહ્મની–( –જિનવાણીની ) ઉપાસનાનો સમ્યક્પ્રકારે અભ્યાસ કરવો. આ મોહના ક્ષયનો ઉપાય છે.

## આત્મહિત માટે સમ્યક્પરિણામથી જિનવાણીનો અભ્યાસ કરો.
## જિનવાણીનો અભ્યાસ તે મોહને તોડવા માટેનું બ્રહ્માસ્ત્ર છે.

સમ્યક્ પ્રકારે ઉપાસવામાં આવતી જિનવાણીને 'શબ્દબ્રહ્મ' કહેલ છે; જેમ બ્રહ્માસ્ત્ર કદી નિષ્ફળ નથી જતું તેમ જિનવાણીરૂપ બ્રહ્માસ્ત્ર મોહને છેદવામાં કદી નિષ્ફળ નથી જતું;– પણ આત્માનો સાચો અર્થી થઈને, સમ્યક્પરિણામથી તેનો અભ્યાસ કરવો જોઈએ. જિનવાણી તો અરિહંત જેવું શુદ્ધ આત્મસ્વરૂપ દેખાડે છે–

જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહીં કાંઈ;

લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ( શ્રીમદ્રાજચંદ્ર )

ભગવાન સર્વજ્ઞના આત્માને ઓળખીને, તેમના જેવા પોતાના ચેતનમય સ્વભાવને ઓળખતાં સમ્યગ્દર્શનાદિ થાય છે; તેવા નિજપદની ઓળખાણ કરાવવા માટે જ સમસ્ત જિન શાસ્ત્રોનું કથન છે, તેથી તેનો અભ્યાસ સુખદાયી છે, તેમાં પરમ શાંતરસ ઝરે છે. જિનવાણીમાં પદેપદે ચૈતન્યનો શાંતરસ ઝરે છે–કેમકે આત્મામાં શાંતરસ ભર્યો છે તેને જિનવાણી બતાવે છે. આચાર્યદેવ છેલ્લે ૯૨ મી ગાથામાં અધિકાર પૂરો કરતાં કહેશે કે અહો! જિનેન્દ્રદેવના શબ્દબ્રહ્મ જયવંત વર્તો કે જેના પ્રસાદથી શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ થઈ, અને અનાદિનો મોહ છૂટી ગયો.

* * * *

## જિનવાણીમાં વસ્તુને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ કહી છે.

હવે જે જિનવાણીના સમ્યક્ અભ્યાસથી મોહનો ક્ષય થવાનું કહ્યું, તે જિનવાણીમાં

જીવાદિ વસ્તુનું સ્વરૂપ કેવું કહ્યું છે?–કે જે જાણવાથી સમ્યગ્જ્ઞાન થાય છે, ને મોહનો નાશ થાય છે;– તે વસ્તુસ્વરૂપ કહે છેઃ–

જિનવાણીમાં જીવ–અજીવ પદાર્થોને વસ્તુ અથવા અર્થ કહેલ છે. તે વસ્તુમાં દ્રવ્ય તથા ગુણ તથા પર્યાય–એવા ત્રણ સંજ્ઞાભેદ છે, પણ વસ્તુથી ત્રણભેદ નથી, અર્થાત્ અલગ–અલગ તેઓ ત્રણ વસ્તુ નથી. જે ગુણ–પર્યાયો છે તેનું સત્પણું તે દ્રવ્ય જ છે, સમસ્ત ગુણ–પર્યાયોનું એકસ્વરૂપ છે તે દ્રવ્ય જ છે. દ્રવ્યનું સત્ત્વ જુદું, ને ગુણ–પર્યાયોનું સત્ત્વ જુદું–એમ તેમને ભિન્ન–સત્ત્વપણું નથી. એક જ સત્ત્વ પોતે દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વરૂપ છે.

–જુઓ, આવું દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વરૂપ જાણતાં મોહનો જરૂર નાશ થાય છે.

* જીવના જે ચેતનમય દ્રવ્ય–ગુણ–પર્યાયો છે તે જીવમાં જ છે, તે બીજા બધા પદાર્થોના દ્રવ્ય–ગુણ–પર્યાયથી સર્વથા જુદા છે.

* અજીવના જે દ્રવ્ય–ગુણ–પર્યાયો છે તે અજીવ જ છે, તે જીવના દ્રવ્ય–ગુણ–પર્યાયોથી સર્વથા જુદા છે.

–આમ સ્વ–પરનો વિભાગ જાણતાં જીવ–અજીવમાં ક્યાંય એકત્વબુદ્ધિનો મોહ ન રહ્યો, તેમજ જીવ–અજીવ એકબીજાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં કાંઈ કરે એવી કર્તા–કર્મની મિથ્યાબુદ્ધિરૂપ મોહ પણ ન રહ્યો; પોતાનું સત્પણું, પરથી ભિન્ન પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જ પરિપૂર્ણ દેખ્યું, ત્યાં સ્વાશ્રયે સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધ પરિણમન થાય છે, ને મોહ રહેતો નથી.

અનંતા જીવો ભિન્ન ભિન્ન છે; તેમાં દરેકના પોતપોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયો પોતપોતામાં જ સમાય છે; કોઈના દ્રવ્ય–ગુણ–પર્યાય બીજામાં ભળતા નથી.–અહો, વસ્તુની આવી સ્વાધીનતા વીતરાગી જિનવાણી સિવાય બીજું કોણ બતાવે?–આવા સ્વાધીન સ્વરૂપને જાણતાં સમ્યગ્જ્ઞાન ને વીતરાગતા થાય છે.–તે જિનવાણીના સાચા અભ્યાસનું ફળ છે.

દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયોથી જુદું નથી રહેતું પણ તન્મયપણે તેને પ્રાપ્ત કરે છે–પહોંચી વળે છે–પોતે જ તેવા સ્વરૂપે થઈને રહે છે. એ જ રીતે ગુણ–પર્યાયો પણ પોતાના દ્રવ્યથી જુદા નથી રહેતા પણ તન્મયપણે તેને પ્રાપ્ત કરે છે–પહોંચી વળે છે–પોતે

જ તેવા સ્વરૂપે થાય છે.–આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાયોસ્વરૂપ વસ્તુ તે અર્થ છે. બધાય દ્રવ્ય–ગુણ–પર્યાયોમાં ગુણ–પર્યાયો સ્વકીયદ્રવ્યથી અભિન્ન છે. એટલે દ્રવ્ય પોતે જ ગુણ–પર્યાયોસ્વરૂપ સત્ છે. વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં ક્યાંય અન્ય દ્રવ્ય–ગુણ–પર્યાયનો પ્રવેશ નથી, એટલે અન્ય ઉપર રાગ–દ્વેષ કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. આ રીતે આવા વસ્તુસ્વરૂપની ઓળખાણમાં ભેદજ્ઞાન અને વીતરાગતા જ ઝરે છે.

અહો, જિનેશ્વરદેવના આવા વીતરાગી ઉપદેશની પ્રાપ્તિ મહા ભાગ્યથી થાય છે. વસ્તુસ્વરૂપ દેખાડનાર ભગવાનનો આ ઉપદેશ મોહ–રાગ–દ્વેષને હણવા માટે તીક્ષ્ણ ધારવાળી તલવાર જેવો છે.

**જે પામી જિન ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પકાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.**

જીવ પ્રથમ તો જિનઉપદેશને પ્રાપ્ત કરે, એટલે કે ભગવાનના માર્ગમાં સ્વ–પર વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયની ભિન્નતા જેમ કહી છે તેમ જાણે, તો અંદરના પ્રત્યનવડે મોહનો નાશ કરી શકે. પણ જેની માન્યતા જ જિનોપદેશથી વિપરીત હોય, એક વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાયને બીજી વસ્તુમાં જે ભેળવી દેતો હોય, અથવા એક જ વસ્તુના સ્વદ્રવ્ય–ગુણ–પર્યાયને ભિન્ન–ભિન્ન માનતો હોય, તે તો જિનઉપદેશને પામ્યો જ નથી, તે તો પર સાથે એકત્વબુદ્ધિથી મોહ તથા રાગ–દ્વેષને કરે છે, એટલે તે મોહને હણી શકતો નથી; તેને તો મોહ સાથે મિત્રતા છે.

અહીં તો જિનોપદેશને પામીને જ્ઞાનની દ્રઢતાવડે જે મોહને હણે જ છે એવા મુમુક્ષુની વાત છે. તે જીવ જાણે છે કે મારા સમ્યક્ત્વાદિ પર્યાયને મારા આત્મા સાથે એકતા છે; મારા ગુણ–પર્યાયોમાં તન્મયરૂપે હું જ વર્તું છું. મારી પર્યાયમાં જે ચૈતન્યપણું સંવેદનમાં આવે છે તેનો સંબંધ (એકતા) મારા આત્મા સાથે છે, એમ સ્વકીય ચૈતન્યલક્ષણવડે ધર્મીજીવ પોતાના આત્માને અન્ય સમસ્ત પદાર્થોથી જુદો અનુભવે છે. –આવા અનુભવમાં સ્વ–પરનું અત્યંત ભેદજ્ઞાન થતાં જરાપણ મોહ રહેતો નથી.

**ગુણ-પર્યાય ક્યાં રહે છે? -સ્વદ્રવ્યમાં જ રહે છે.**
**દ્રવ્ય ક્યાં રહે છે? -પોતાના ગુણ-પર્યાયમાં જ રહે છે.**

આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુનું અસ્તિત્વ પોતામાં જ પરિપૂર્ણતાને પામે છે; બીજા સાથે તેને કાંઈ જ સંબંધ નથી, સર્વથા ભિન્નતા છે. અહા, દ્રવ્ય–ગુણ–પર્યાયનું

આવું સ્વરૂપ સર્વજ્ઞ–જિનમાર્ગમાં જ છે. આવું સ્વરૂપ જાણવાથી જ સમ્યગ્જ્ઞાન તથા નિર્મોહતા થાય છે; અને એવો જીવ અચિરકાળમાં મોક્ષને પામે છે, મોક્ષ પામવામાં હવે તેને દીર્ઘકાળ નથી લાગતો.

અરે, આ સંસારમાં તો ચારે ગતિમાં ઉત્પાત જ છે, તે સદા દુઃખના કલેશથી જ ભરેલો છે; જેમ અગ્નિ ઉપર રહેલું પાણી ફદફદે તેમ અજ્ઞાની જીવો મોહાગ્નિવડે સેકાતા થકા ચાર ગતિનાં ભયંકર દુઃખોમાં ખદખદી રહ્યા છે.–અતિ દીર્ઘ–બહુ લાંબો કાળ એવા દુઃખોમાં વીતી ગયો.–અરે, થઈ ગયું તે થઇ ગયું;–પણ હવે, આવા ઘોર દુઃખોથી શીઘ્ર છોડાવનારો જિનોપદેશ મહાભાગ્યથી મને પ્રાપ્ત થયો, તે જિનોપદેશમાં ચેતનલક્ષણરૂપ મારા સ્વતત્ત્વના દ્રવ્ય–ગુણ–પર્યાય પરથી અત્યંત ભિન્ન બતાવ્યા; તો હવે આવો કલ્યાણકારી જિનોપદેશ પામીને મારે શીઘ્ર જ ઉત્કૃષ્ટ પ્રયત્નવડે મોહને હણી નાંખવો યોગ્ય છે.–આમ દ્રઢ નિશ્ચય કરીને મુમુક્ષુજીવ અંતર્મુખ ઉદ્યમવડે, સ્વકીય ચૈતન્યસ્વરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયોને પોતામાં સમાવતો, અને પરકીય ચેતન–અચેતન સમસ્ત પદાર્થોને પોતાથી ભિન્ન રાખતો, ત્રણેકાળ ચૈતન્યલક્ષણસ્વરૂપે પોતાને અનુભવે છે, તે જ વખતે તેનો મોહ ક્ષય થઈ જાય છે; ને અલ્પકાળમાં જ તે જીવ આ ઘોર દુઃખમય સંસારથી છૂટીને અપૂર્વ આનંદમય મોક્ષને પ્રાપ્ત કરે છે. જુઓ, આ જિનવાણીના સાચા અભ્યાસનું ઉત્તમ ફળ! મોહનો નાશ ને મોક્ષની પ્રાપ્તિ–તે જિનવાણીના સમ્યક્ અભ્યાસ દ્વારા કરેલા ભેદજ્ઞાનનું ફળ છે.

## ધર્મીજીવને ક્યાંય અરિહંતનો વિરહ નથી.
## અજ્ઞાનીને સદાય અરિહંતનો વિરહ છે.

પ્રશ્નઃ– અત્યારે તો અહીં જિનવરદેવ નથી, તો જિનઉપદેશ કેમ મળે?

ઉત્તરઃ– સમયસારાદિ પરમાગમોમાં વીતરાગસંતોની જે વાણી છે તે જિનોપદેશ જ છે; તે ઉપદેશ અનુભવી–જ્ઞાની પાસેથી મેળવતાં સર્વજ્ઞસ્વભાવી આત્માનો, તેમજ સર્વજ્ઞપણું જેમને પ્રગટ છે એવા અરિહંતદેવના સ્વરૂપનો પણ નિર્ણય થઈ જાય છે. અરિહંતદેવના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયનું યથાર્થસ્વરૂપ જેણે જાણી લીધું તેના જ્ઞાનમાં અરિહંતનો કદી વિરહ નથી. અને, બહારમાં અરિહંતદેવની સન્મુખ બેઠો હોવા છતાં જે જીવ અંતરમાં તેમના આત્મિકસ્વરૂપને નથી ઓળખતો તેને અરિહંતદેવ મળ્યા નથી, સમવસરણમાં પણ તેને તો અરિહંતનો વિરહ જ છે.

જગતમાં તો અરિહંતદશાને પામેલા સર્વજ્ઞ–આત્માનું સદાય અસ્તિત્વ છે; તેનું અસ્તિત્વ જેને ભાસ્યું તેને તો તે ભરતક્ષેત્રમાં હોય તોપણ સર્વજ્ઞનો વિરહ નથી; અને તે સર્વજ્ઞનું અસ્તિત્વ જેને ન ભાસ્યું તેને તો (તે મહાવિદેહમાં હોય તોપણ) સર્વજ્ઞનો વિરહ જ છે. એક વસ્તુ ઘરમાં પડી હોય, પણ જેને તેની ખબર નથી તેને તો તેનો વિરહ છે; અને ઘરમાં રહેલી વસ્તુની જેને ખબર છે તેને તો પોતે ગમે ત્યાં બેઠો હોય તોપણ તે વસ્તુનો સદ્ભાવ જ છે, વિરહ નથી.

અરે જીવ! જૈનધર્મ અને વીતરાગ અરિહંતદેવનો ઉપદેશ મહાવીર ભગવાનની પરંપરામાં આજે તને પ્રાપ્ત થયો, તો આ ટાણે તારા જ્ઞાનમાં સમ્યક્ ઉદ્યમ કરીને તું દર્શનમોહનો નાશ કરીને સમ્યગ્દર્શન નહિ પામે–તો પછી ક્યારે પામીશ? સંસાર–દુઃખથી છૂટવાનો અત્યારે જ ઉત્તમ અવસર છે. મોહને છેદનારો તીક્ષ્ણ અસિધાર જેવો વીતરાગમાર્ગનો ઉપદેશ ઝીલીને, સ્વ–પરની અત્યંત ભિન્નતા નક્કી કરીને તું સ્વસન્મુખ થા. ચૈતન્યનું સ્વરૂપ જાણતાંવેંત ઉપયોગ તેમાં સન્મુખ થઈને એકાગ્ર થયો તે જ મોહને છેદવા માટે તીક્ષ્ણ તલવારનો પ્રહાર છે. સમયસારમાં તેને ‘પ્રજ્ઞાછીણી’ કહી છે, અહીં ‘તીખી તલવાર’ કહી છે.

વાહ રે વાહ! આચાર્યભગવંતોની વાણી આત્માર્થી જીવને શૌર્ય જગાડનારી છે; જિનવાણી તો પુરુષાર્થપ્રેરક છે. કાયરના કાળજામાં તે સમાય નહિ. વીતરાગની આ વાણી ઝીલવી તે તો શૂરવીરોનાં કામ છે.–‘હરિનો મારગ છે શૂરાનો; નહીં કાયરનું કામ.’

આત્માના સ્વરૂપનો નિર્ણય કરવાના પ્રયત્નકાળે જ્ઞાન સાથે રાગ–વિકલ્પ હોવા છતાં, મુમુક્ષુજીવની બુદ્ધિ સ્વભાવ તરફ ઢળતી હોય છે; રાગ તરફ તેની બુદ્ધિ નથી ઢળતી, પણ તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ હું છું–એમ અંતરના સ્વભાવ તરફ તેની બુદ્ધિ ઢળે છે.

મારા ગુણ–પર્યાયને મારા દ્રવ્ય સાથે સંબંધ છે, અને પરના ગુણ–પર્યાયને પર દ્રવ્ય સાથે સંબંધ છે; ચૈતન્યભાવરૂપ જે મારા દ્રવ્ય–ગુણ–પર્યાયો છે તે હું છું, ને બીજું બધું મારાથી પર છે;–આમ સ્વ–પરને સમ્યક્પણે ભિન્ન જાણનાર જીવને મોહનો ક્ષય થઈ જાય છે. જિનવાણીનો પણ એ જ ઉપદેશ છે. તેથી જેણે સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને મોહનો નાશ કર્યો તેણે જ જિનવાણીનો સાચો અભ્યાસ કર્યો છે.

જેમ કોઈ પુરુષ તીખી–તલવાર હાથમાં ઝાલીને ઊભો રહે પણ જો તેનો ઉપયોગ ન કરે તો શત્રુને હણી શકે નહિ; તેમ જિનવાણીરૂપ તીખી તલવાર મહાભાગ્યથી હાથમાં

આવી, તે વાંચે–સાંભળે, પણ જો તેનો ઉપયોગ ન કરે એટલે કે તેમાં કહેલી ચેતનરૂપ–વસ્તુમાં ઉપયોગને એકાગ્ર ન કરે તો જીવ મોહને કયાંથી હણી શકે? મુમુક્ષુ તો શૂરવીર થઈને, જ્ઞાનના પ્રયત્નવડે, જિનવાણીમાં કહ્યા પ્રમાણે સ્વ–પરને ભિન્ન જાણીને, અંતર્મુખ ઉપયોગના દ્રઢ પ્રહારવડે મોહને હણી નાંખે છે. આ જ મોહના નાશની રીત છે.–

**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા જિન આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણવડે. (૯૦)**

જિનમાર્ગઅનુસાર વસ્તુ દ્રવ્ય–ગુણ–પર્યાયને ઓળખીને, પોતાના ચેતનલક્ષણ વડે પોતાને પરથી ભિન્ન જાણતાં જરૂર મોહનો નાશ થાય છે, ને અપૂર્વ આનંદસહિત સમ્યગ્જ્ઞાન થાય છે.

અહો, આવું જ્ઞાન કરાવનારી જિનવાણી પ્રત્યે મુમુક્ષુ ધર્મીજીવોને પરમ બહુમાન આવે છે; જેમ દેવ–ગુરુ પૂજ્ય છે તેમ જિનવાણી પણ પૂજ્ય છે.

**અહો, આવા સ્યાદ્વાદમુદ્રિત જૈનેન્દ્ર શબ્દબ્રહ્મ જયવંત વર્તો,**
**અને તેનાથી થયેલી આત્મતત્ત્વની ઉપલબ્ધિ જયવંત વર્તો.**

## પૂજા

પૂજા તો કરો...જરૂર કરો. પૂજા કરવાની કોઈ મના નથી કરતું. -પણ જેની પૂજા કરો છો તે કોણ છે! -તેનું સ્વરૂપ તો બરાબર ઓળખો! અને પૂજાનું શું ફળ તમારામાં આવ્યું તેનો તો વિચાર કરો!

‘પૂજ્ય’ સિવાય અજ્ઞાનથી બીજા કોઈકની તો પૂજા કરી નથી દેતા ને? અને પૂજ્યના જ્ઞાન વગરની તમારી પૂજા નિષ્ફળ તો નથી જતી ને?

‘પૂજ્ય’ એવા સર્વજ્ઞ વીતરાગનું આત્મસ્વરૂપ ઓળખીને, સમ્યક્ વિધિથી તેમની પૂજા-ઉપાસના કરતાં તેનું સાચું ફળ પોતામાં જરૂર આવે છે; -પોતાને રાગથી ભિન્ન આત્મસ્વરૂપનું ભાન થઇને વીતરાગભાવની ભાવના જાગે છે.

આવા ઉત્તમ ફળવાળી સમ્યક્ પૂજા જરૂર કરો.

# જૈન-શ્રાવકનો ધર્મ

**જૈન-શ્રાવકને આત્માનું સમ્યગ્દર્શન તે તો મૂળભૂત ધર્મ છે; તે ઉપરાંત દેવપૂજા-સ્વાધ્યાય-મુનિસેવા-દાન વગેરે વ્યવહારઆચાર પણ સુયોગ્ય હોય છે-તેનું સુંદર વર્ણન.**

શુદ્ધધર્મ કહો કે મોક્ષનો માર્ગ કહો, તેનું મૂળ સમ્યક્ત્વ છે. સમ્યગ્દ્રષ્ટિજીવને આહારદાનાદિ ચાર પ્રકારનું પાત્રદાન, રત્નત્રયવંત ગુણીજનોની પૂજા, રાત્રિભોજનનો ત્યાગ વગેરે ઉત્તમ આચરણ હોય છે.

દાનાદિના એકલા વ્યવહાર–આચાર તો અજ્ઞાની પણ કરે છે; અહીં તો સમ્યક્ત્વસહિતના વ્યવહાર–આચારની વાત છે. જેને આત્માના શુદ્ધ–ધર્મની શ્રદ્ધા છે–એવા ધર્મી શ્રાવકને આઠ મૂળગુણો હોય છે. જેમાં મધ–માંસ–મદિરાનો સંબંધ હોય એવી વસ્તુનો, કે એવી શંકાવાળી દવાનો પણ નિયમપૂર્વક ત્યાગ મૂળગુણમાં આવી જાય છે; તથા જેમાં ત્રણ જીવો હોય એવા ખોરાકનો ત્યાગ હોય, શિકાર જુગાર વગેરે તીવ્ર કષાયવાળા વ્યસન ન હોય, રાત્રિભોજન પણ ન હોય, ને પાણી પણ વિધિપૂર્વક ગાળેલું પ્રાસુક જ વાપરે. વ્યવહારધર્મનો બધો વિવેક શ્રાવકને બરાબર હોય છે. અંદર એકદમ વીતરાગી ચૈતન્યતત્ત્વ જ્યાં વેદનમાં આવ્યું ત્યાં તીવ્ર હિંસા કે તીવ્ર કષાયવાળી પ્રવૃત્તિ રહે નહીં. માંસાદિ તીવ્ર અભક્ષનો ખોરાક તો જૈન નામ ધરાવે તેને પણ હોય નહિ; અરે, સામાન્ય સજ્જન આર્યમાણસોને પણ તેવો ખોરાક હોય નહીં; તો પછી ધર્માત્માને તો તેનું નામ પણ કેવું ? એવા જીવો સાથે ખાન–પાનનો સંબંધ પણ ધર્મીને ન હોય. તથા જ્યાં એવા અભક્ષનું ભક્ષણ થતું હોય એવા સ્થાનોમાં ( હોટલ વગેરેમાં ) પણ મુમુક્ષુ–સજ્જન ખાન–પાન કરે નહીં. અત્યારના સિનેમા વગેરે વિષય–કષાયપોષક કાર્યો પણ મુમુક્ષુજીવને શોભે નહીં; એટલે ધર્માત્મા તો એવી નીરર્થક પ્રવૃત્તિને છોડે છે.

વળી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રધારક ધર્મી જીવોના ગુણપ્રત્યે શ્રાવકને બહુમાન અને પૂજ્યભાવ આવે છે. પોતાને રત્નત્રયધર્મનો પ્રેમ છે એટલે બીજા જીવોમાં પણ તેવા ધર્મને દેખીને પ્રસન્નતા તથા આદરભાવ થાય છે; તે મુનિ–શ્રાવક કે સાધર્મી

વગેરે સુપાત્ર જીવોને આદરથી આહારદાન, શાસ્ત્રદાન વગેરે કરે છે. ભરત ચક્રવર્તી જેવા ધર્માત્મા આહાર ટાણે રસ્તા પર જઈને મુનિરાજની વાટ જોતા ઊભા રહેતા ને ભાવના ભાવતા કે કોઈ મુનિ–ધર્માત્મા પધારે તો તેમને ભોજન કરાવીને પછી હું જમું. –ને મુનિ પધારે ત્યાં તો અત્યંત ભક્તિથી હૃદય ઊછળી જાય ને આહારદાન કરે. –આવો ભાવ ધર્મીને હોય છે. મુનિનો સુયોગ ન મળે તો ધર્મની રુચિવાળા સાધર્મીઓ પ્રત્યે પણ આદરભાવથી દાનાદિ કરે છે. અહા, આવો સર્વોત્કૃષ્ટ જૈનધર્મ! ને આવા સર્વોત્કૃષ્ટ દેવ–ગુરુ–શાસ્ત્ર, તેમના માટે હું શું કરું!–કઈ રીતે તેમનો મહિમા કરું! કઈ રીતે જગતમાં તેમનો પ્રભાવ પ્રસિદ્ધ કરું?–એમ ધર્મીને ઉત્સાહ હોય છે. અંદર તો સમ્યક્ત્વાદિ ગુણવડે પોતાના આત્માને વિભૂષિત કર્યો છે; ને બહારમાં પણ વિવેકપૂર્વક જિનપૂજાનો ઉત્સવ, ગુરુસેવા–મુનિભક્તિ, દાન, સ્વાધ્યાય, શાસ્ત્રપ્રચાર વગેરેથી જૈન–શાસનની શોભા વધારે છે. મૂળધર્મ તો સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ છે, ને તેની સાથે શ્રાવકને આવો વ્યવહારધર્મ હોય છે. ધર્મપ્રવૃત્તિમાં પણ ત્રસહિંસા ન થાય તેનો તેને વિવેક હોય છે. અને દાન દેવામાં પણ પાત્ર–અપાત્રનો વિવેક હોય છે. અન્ય લૌકિક કાર્યોમાં લાખો–કરોડો રૂપિયા વાપરી નાંખે, ને જૈનધર્મનું જરૂરી કાર્ય હોય તેમાં પાંચ–દશ હજાર વાપરતાંય લોભ કરે,–તો એને દાનનો કે ધર્મનો વિવેક કહેવાય નહિ. ધર્માત્માને તો ચારેકોરનો વિવેક હોય છે. દાન દેવામાં પણ જૈનમાર્ગની ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની વૃદ્ધિ કેમ થાય,–તેમ વિચારે છે; ધર્માત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની વિશેષતાને ઓળખીને તે ગુણોનું બહુમાન કરે છે.–આમાં ગુણની ઓળખાણ તે મુખ્ય છે. ધર્માત્માના ગુણને ઓળખ્યા વગર પાત્રદાનનો ખરો લાભ થાય નહિ. મિથ્યાદ્રષ્ટિને ગુણની ખરી ઓળખાણ નથી એટલે વિવેક નથી, તે તો એકલા રાગને ઓળખે છે ને રાગમાં જ વર્તે છે; રાગથી પાર ધર્મીના રત્નત્રયગુણોને તે ઓળખતો નથી. એની ઓળખાણ કરે તો તો ભેદજ્ઞાન થઇ જાય; ભેદજ્ઞાન વગર ગુણ–દોષની સાચી ઓળખાણ થાય નહિ. જીવે શુદ્ધાત્માની ઓળખાણ વગર એકલા શુભરાગથી દાન–પૂજા અનંતવાર કર્યા, તેનાથી ભવભ્રમણનો અંત ન આવ્યો. એકવાર પણ જો રાગથી પાર ચૈતન્યગુણોની ઓળખાણ કરે તો ભવભ્રમણનો અંત આવી જાય.

જેણે જ્ઞાન અને કષાયને અત્યંત જુદા અનુભવ્યા છે એવા ધર્મીના અંતરમાં ઘણો સમતાભાવ હોય છે; વીતરાગી સમતાભાવ તે પણ ધર્મીની એક ક્રિયા છે; તે ક્રિયા રાગથી જુદી છે. આ રીતે સમ્યગ્દર્શન સાથે શ્રાવકને વીતરાગભાવરૂપ ક્રિયા તેમજ દાનાદિ શુભરાગરૂપ ક્રિયાઓ ભૂમિકા પ્રમાણે હોય છે.




## [ નવા સભ્યોનાં નામ ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૦૯ | અશોકકુમાર રમણલાલ જૈન | તલૌદ | ૩૨૨૯ | પન્નાબેન છબીલદાસ જૈન | રાજકોટ |
| ૩૨૧૦ | યોગેશકુમાર ચીમનલાલ જૈન | જુનાગઢ | ૩૨૩૦ | ભરત છબીલદાસ જૈન | રાજકોટ |
| ૩૨૧૧ | ભરતકુમાર ચંપકલાલ જૈન | જુનાગઢ | ૩૨૩૧ | જયેશ બળવંતરાય જૈન | લાઠી |
| ૩૨૧૨ | પ્રફુલ્લાબેન શાંતિલાલ જૈન | જુનાગઢ | ૩૨૩૨ | સોનલબેન ભુપતલાલ જૈન | બેંગ્લોર–૩ |
| ૩૨૧૩ | ચેતનકુમાર શાંતિલાલ જૈન | જુનાગઢ | ૩૨૩૩ | કલ્પનાબેન છબીલદાસ જૈન | રાજકોટ |
| ૩૨૧૪ | અજયકુમાર શાંતિલાલ જૈન | જુનાગઢ | ૩૨૩૪ | જીતેન્દ્ર છબીલદાસ જૈન | રાજકોટ |
| ૩૨૧૫ | દિલિપ રતીલાલ જૈન | મોઢુકા | ૩૨૩૫ | રૂમાલભાઈ લાલજીભાઈ જૈન | લીમડી |
| ૩૨૧૬ | વિપુલ રતીલાલ જૈન | મોઢુકા | ૩૨૩૬ | જીતેન્દ્ર રતિલાલ જૈન | જામનગર |
| ૩૨૧૭ | શિલ્પા રતીલાલ જૈન | મોઢુકા | ૩૨૩૭ | રાવજી મનસુખલાલ જૈન | જામનગર |
| ૩૨૧૮ | નીતીન તારાચંદ જૈન | તલોદ | ૩૨૩૮ | ધર્મેન્દ્ર મનસુખલાલ જૈન | જામનગર |
| ૩૨૧૯ | લક્ષ્મણભાઈ જી. જૈન | ઉખરેલી | ૩૨૩૯ | મનીષ મનસુખલાલ જૈન | જામનગર |
| ૩૨૨૦ | જાગૃતિબેન ડાહ્યાલાલ જૈન | સાબલી | ૩૨૪૦ | મેહુલકુમાર કૃષ્ણકાંત જૈન | રાજકોટ |
| ૩૨૨૧ | દિપકકુમાર ચંદ્રકાંત જૈન | ગોધરા | ૩૨૪૧ | કીર્તીકુમાર કૃષ્ણકાંત જૈન | રાજકોટ |
| ૩૨૨૨ | સતીષ જયંતિલાલ જૈન | ધ્રાંગધ્રા | ૩૨૪૨ | નિખીલકુમાર ઉજમશીભાઈ જૈન | વઢવાણ |
| ૩૨૨૩ | ધર્મેન્દ્ર અમૃતલાલ જૈન | વઢવાણસીટી | ૩૨૪૩ | કિશોરકુમાર ઉજમશીભાઈ જૈન | વઢવાણ |
| ૩૨૨૪ | શૈલેષકુમાર બાબુલાલ જૈન | તલોદ | ૩૨૪૪ | સુનિલકુમાર રજનીકાંત જૈન | પોરબંદર |
| ૩૨૨૫ | સંદિપ રમેશભાઈ જૈન | મઢી | ૩૨૪૫ | વિમલકુમાર અરવીંદકુમાર જૈન | જામનગર |
| ૩૨૨૬ | પરિતા રમેશભાઈ જૈન | મઢી | ૩૨૪૬ | તોરલ અરવીંદકુમાર જૈન | જામનગર |
| ૩૨૨૭ | હર્ષદરાય ગુણવંતરાય જૈન | ઉમરાળા | ૩૨૪૭ | વર્ષાબેન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |
| ૩૨૨૮ | અતુલકુમાર જી. જૈન | ઉમરાળા | ૩૨૪૮ | સોનલબેન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |

| | | |
|---|---|---|
| ૩૨૪૯ | વિકાસ પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |
| ૩૨૫૦ | રૂપાબેન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |
| ૩૨૫૧ | ભાવનાબેન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |
| ૩૨૫૨ | કિરીટકુમાર નાનચંદ જૈન | રાજકોટ |
| ૩૨૫૩ | સુશીલાબેન કિરીટકુમાર જૈન | રાજકોટ |
| ૩૨૫૪ | તૃષાર કિરીટકુમાર જૈન | રાજકોટ |
| ૩૨૫૫ | રશ્મીન કિરીટકુમાર જૈન | રાજકોટ |
| ૩૨૫૬ | હર્ષદાબેન મનસુખલાલ જૈન | સોનગઢ |
| ૩૨૫૭ | આશાબેન રતીલાલ જૈન | તલોદ |
| ૩૨૫૮ | કલ્પનાબેન ભોગીલાલ જૈન | રખીયાલ |
| ૩૨૫૯ | હર્ષિતકુમાર નવનીતલાલ જૈન | સાવરકુંડલા |
| ૩૨૬૦ | એન. કે. જૈન. | સાવરકુંડલા |
| ૩૨૬૧ | સોનલબેન જ્યોતિન્દ્રભાઈ | રાજકોટ |
| ૩૨૬૨ | રૂપલબેન જ્યોતિન્દ્રભાઈ જૈન | રાજકોટ |
| ૩૨૬૩ | અમીતકુમાર જ્યોતિન્દ્રભાઈ | રાજકોટ |
| ૩૨૬૪ | અરવીંદ મીઠાલાલ જૈન | ગામ ? |
| ૩૨૬૫ | સરોજબેન મીઠાલાલ જૈન | – |
| ૩૨૬૬ | અજીતકુમાર મીઠાલાલ જૈન | મલાડ |
| ૩૨૬૭ | કાશ્મીરાબેન વસંતલાલ જૈન | મલાડ |
| ૩૨૬૮ | નીલેશ વસંતલાલ જૈન | મલાડ |
| ૩૨૬૯ | વર્ષાબેન પ્રવીણચંદ્ર જૈન | ઘાટકોપર |
| ૩૨૭૦ | બિન્દુબેન પ્રવીણચંદ્ર જૈન | ઘાટકોપર |
| ૩૨૭૧ | હર્ષદરાય પ્રવીણચંદ્ર જૈન | ઘાટકોપર |
| ૩૨૭૨ | અભયકુમાર પ્રવીણચંદ્ર જૈન | ઘાટકોપર |
| ૩૨૭૩ | ચેતનકુમાર અનંતરાય જૈન | અમદાવાદ |
| ૩૨૭૪ | હીનાબેન અનંતરાય જૈન | અમદાવાદ |
| ૩૨૭૫ | સોનલબેન હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૩૨૭૬ | વિદેહાબેન હસમુખલાલ જૈન | મુંબઈ–૫૬ |
| ૩૨૭૭ | પ્રજ્ઞાબેન હસમુખલાલ જૈન | મુંબઈ–૫૬ |
| ૩૨૭૮ | કિરણબેન રમેશચંદ્ર જૈન | સુરેન્દ્રનગર |
| ૩૨૭૯ | સાધનાબેન પ્રાણલાલ જૈન | મુંબઈ |
| ૩૨૮૦ | મિલનકુમાર મધુકાંત જૈન | વડોદરા |
| ૩૨૮૧ | મેહુલકુમાર પ્રવીણચંદ્ર જૈન | વડોદરા |
| ૩૨૮૨ | નીલાબેન મધુકાંત જૈન | વડોદરા |
| ૩૨૮૩ | ઈલાદેવ સી. સંઘવી | સુરત |
| ૩૨૮૪ | અમરકુમાર એમ. જૈન | મુંબઇ |
| ૩૨૮૫ | રૂપાબેન કિર્તીકુમાર જૈન | અમદાવાદ |
| ૩૨૮૬ | કમલેશચંદ્ર નેમચંદ જૈન | મહાદેવપુરા |
| ૩૨૮૭ | અનીતાબેન છબીલદાસ જૈન | કલકત્તા |
| ૩૨૮૮ | જયેશ મનસુખલાલ જૈન | કલકત્તા |
| ૩૨૮૯ | જિનેશ છબીલદાસ જૈન | કલકત્તા |
| ૩૨૯૦ | અતુલકુમાર પ્રેમજીભાઈ જૈન | મુંબઈ–૬૪ |
| ૩૨૯૧ | પરાગ પી જૈન | મુંબઇ–૨ |
| ૩૨૯૨ | હસમુખકુમાર કચરાલાલ જૈન | સાબલી |
| ૩૨૯૩ | સુભાષચંદ્ર ઉજમશીભાઈ જૈન | વઢવાણ |
| ૩૨૯૪ | શરદચંદ્ર બાબુલાલ જૈન | ઉમરાળા |
| ૩૨૯૫ | શશીકાંત બાબુલાલ જૈન | ઉમરાળા |
| ૩૨૯૬ | મિલન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ |
| ૩૨૯૭ | અંજનાબેન નૌતમલાલ જૈન | વાંકાનેર |
| ૩૨૯૮ | કમલેશ નૌતમલાલ જૈન | વાંકાનેર |
| ૩૨૯૯ | રાજેશ નૌતમલાલ જૈન | વાંકાનેર |
| ૩૩૦૦ | જયેશકુમાર જયંતિલાલ જૈન | વઢવાણ |
| ૩૩૦૧ | કલ્પનાબેન જયંતિલાલ જૈન | વઢવાણ |
| ૩૩૦૨ | જીજ્ઞાબેન જયંતિલાલ જૈન | વઢવાણ |
| ૩૩૦૩ | ચેતનાબેન જયંતિલાલ જૈન | વઢવાણ |
| ૩૩૦૪ | રાજેશ કાંતિલાલ જૈન | રાજકોટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૦૫ | સાધનાબેન ડી. જૈન | ખૈરાગઢ | ૩૩૨૫ | રાજેશકુમાર મીઠાલાલ જૈન | તલોદ |
| ૩૩૦૬ | શ્રદ્ધાબેન એમ. જૈન | ખૈરાગઢ | ૩૩૨૬ | અશોકકુમાર મીઠાલાલ જૈન | તલોદ |
| ૩૩૦૭ | સુધાબેન પ્રવીણચંદ્ર જૈન | ભાવનગર | ૩૩૨૭ | શીતલકુમારી નિરંજનકુમાર જૈન | સુરત–૩ |
| ૩૩૦૮ | આરતીબેન પ્રવીણચંદ્ર જૈન | ભાવનગર | ૩૩૨૮ | કલ્પેશકુમાર સુરેશચંદ્ર જૈન | મુંબઈ |
| ૩૩૦૯ | કુમુદબેન હીંમતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૩૩૨૯ | સંગીતાબેન સૂર્યકાંત જૈન | ગામ ? |
| ૩૩૧૦ | હર્ષાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | મલાડ વેસ્ટ | ૩૩૩૦ | સોનલબેન સૂર્યકાંત જૈન | – |
| ૩૩૧૧ | રીટાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | મલાટ વેસ્ટ | ૩૩૩૧ | સુકુમાર સૂર્યકાંત જૈન | – |
| ૩૩૧૨ | તુષાર પ્રફૂલ્લચંદ્ર જૈન | મલાટ વેસ્ટ | ૩૩૩૨ | સંજયકુમાર પ્રવીણચંદ્ર જૈન | – |
| ૩૩૧૩ | નયનતારાબેન પ્રફૂલ્લચંદ્ર જૈન | મલાટ વેસ્ટ | ૩૩૩૩ | નીતાબેન વસંતરાય જૈન | ભાવનગર |
| ૩૩૧૪ | રશ્મીકાંત દલીચંદ જૈન | મલાટ વેસ્ટ | ૩૩૩૪ | ભાવનાબેન ચીમનલાલ જૈન | અમદાવાદ–૯ |
| ૩૩૧૫ | મંગેશચંદ્ર વિનયચંદ જૈન | રાજકોટ–૧ | ૩૩૩૫ | સુધાબેન ચીમનલાલ જૈન | અમદાવાદ–૯ |
| ૩૩૧૬ | પંકજકુમાર બાબુલાલ જૈન | તલોદ | ૩૩૩૬ | રાજેશ ચીમનલાલ જૈન | અમદાવાદ–૯ |
| ૩૩૧૭ | મીનેશકુમાર બાબુલાલ જૈન | તલોદ | ૩૩૩૭ | અવનીશકુમાર હસમુખલાલ જૈન | રખિયાલ |
| ૩૩૧૮ | નંદીકાબેન બાબુલાલ જૈન | તલોદ | ૩૩૩૮ | વિરલકુમાર અવનીશ જૈન | મુંબઈ–૫૬ |
| ૩૩૧૯ | મુકેશકુમાર બાબુલાલ જૈન | તલોદ | ૩૩૩૯ | નિરવકુમાર વસંતરાય જૈન | મુંબઇ–૫૬ |
| ૩૩૨૦ | અક્ષયકુમાર જયંતિલાલ જૈન | વઢવાણસીટી | ૩૩૪૦ | મનીષકુમાર કનૈયાલાલ જૈન | મુંબઇ–૬૭ |
| ૩૩૨૧ | પુનમચંદ ધુલચંદજી જૈન | દાદર નોર્થ | ૩૩૪૧ | નમ્રતાકુમારી સુરેન્દ્રકુમાર જૈન | સનાવદ |
| ૩૩૨૨ | અરવીંદકુમાર મીઠાલાલ જૈન | તલોદ | ૩૩૪૨ | રાકેશકુમાર સુરેન્દ્રકુમાર જૈન | સનાવદ |
| ૩૩૨૩ | સરોજબેન મીઠાલાલ જૈન | તલોદ | ૩૩૪૩ | દીપ્તિબેન રતિલાલ જૈન | અમદાવાદ |
| ૩૩૨૪ | પ્રકાશકુમાર મીઠાલાલ જૈન | તલોદ | ૩૩૪૪ | નિરંજનકુમાર રતિલાલ જૈન | અમદાવાદ |

[ બાલ વિભાગમાં તમારું નામ છપાયું ન હોય, તો ફરીને લખી મોકલશો. કેટલાક સભ્યોનાં ગામ સરનામાં નથી તો તેઓ જરૂર લખે–જેથી દીવાળી–અભિનંદન મોકલી શકાય. ]

## * પર્યુષણપર્વ-સમાચાર *

દસલક્ષણી–પર્યુષણપર્વ વખતે વિદ્વાન મોકલવા માટે ભારતભરમાંથી (મુખ્યત: હિન્દીભાષી પ્રદેશમાંથી) સેંકડો સ્થાનેથી નિમંત્રણ આવે છે; બધા સ્થળે આપણે વિદ્વાનભાઈઓને મોકલી શકતા નથી, લગભગ ૮૦ જેટલા સ્થળે વિદ્વાનભાઈઓ

ગયા હતા; ને બીજા સ્થળોએ સ્થાનિક મુમુક્ષુ વિદ્વાન ભાઈએ કાર્ય સંભાળ્યું હતું. અધ્યાત્મશૈલિના તત્ત્વજ્ઞાનથી ભરપૂર પ્રવચનો સાંભળીને દરેક સ્થળે જૈનસમાજને ખૂબ પ્રસન્નતા થઈ હતી, ને એક મૂળભૂત વાત સૌને લક્ષમાં આવી હતી કે વીરનાથ ભગવાનના માર્ગમાં મોક્ષને સાધવા માટે સૌથી પહેલાં આત્માનું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જરૂર કરવું જોઈએ; ત્યારપછી ચારિત્ર પણ મુમુક્ષુનું કર્તવ્ય છે. નીચેના ગામ–શહેરોમાં સોનગઢના પ્રચારવિભાગ તરફથી મુમુક્ષુ–વિદ્વાન ગયા હતા, ને ત્યાં દરેક સ્થળે પૂજન–અભિષેક–રથયાત્રા–પ્રવચન–ધાર્મિકવર્ગ વગેરે દ્વારા સુંદર ધર્મપ્રભાવના થયાના સમાચાર આવ્યા છે–[ બડોત, ઝાંસી, સીવની, મહુ, રતલામ, ખૈરાગઢ, અશોકનગર, મદ્રાસ, સોલાપુર, લાખેરી, સીહોર ( મ. પ્ર. ) ચાંદખેડી, લલિતપુર, નાગપુર, બેલનગંજ, આગરા, જયપુર, વીંછીયા, મોરબી, વાંકાનેર, રાજકોટ, મુંબઈ તથા ઉપનગરો, આરૌન બીના, શહપુરા ( મિટૌની ), ઇન્દ્રાના, મોશી–નૈરોબી ( આફ્રિકા ), વડોદરા, હરદા, બંડા–બેલઈ ( સાગર ) ખુરઈ, જબલપુર, પનાગર, ઈમ્ફાલ–મણિપુર, હિંમતનગર, સિકન્દ્રાબાદ–હૈદ્રાબાદ, ભોપાલ, પિપલાની, બેંગલોર, કલકત્તા, ગૌહાતી–આસામ, મહિદપુર, ભિન્ડ, ખનિયાંધાના ( શિવપુરી ), બેગમગંજ, એત્માદપુર, ઉદયપુર, લોહારદા, શિવપુરી ]

વિશેષમાં અનેકસ્થળે મુમુક્ષુમંડળની સ્થાપના થઈ; ખૈરાગઢમાં સિદ્ધચક્રવિધાન થયું; કંચનબેન ખેમરાજ તથા સોનગઢના બ્ર. તારાબેને ૮ ઉપવાસ કર્યા; રત્નત્રયવ્રતનું ઉદ્યાપન થયું. મુલુન્દમાં કુમારપાળ કાંતિલાલે ( વર્ષ ૧૪ ) આઠ ઉપવાસ કર્યા હતા; સીહોર ( મ. પ્ર. ) માં M.L. જૈનના સુપુત્રી કુમારી વિજયાબેને ૧૧ ઉપવાસ કર્યા હતા; ચાંદખેડીમાં સમવસરણ બની રહ્યું છે; લલિતપુરમાં **'मम्मी! केसे थे महावीर?'** વગેરેનો સુંદર પ્રોગ્રામ થયો. આરૌન વગેરે અનેકસ્થળે મહાવીર–ધર્મચક્ર તૈયાર થાય છે. અઢીહજાર વર્ષીય નિર્વાણમહોત્સવ બાબતમાં દરેક સ્થળે ઘણો જ ઉત્સાહ છે. ખુરઈ ( સાગર ) માં માનસ્તંભ બને છે; બેંગલોરમાં જિનમંદિર તથા સમવસરણ બની રહ્યા છે, આગામી વર્ષમાં પ્રતિષ્ઠામહોત્સવ થશે. ભોપાલ ( પિપલાની ) માં પણ નવું જિનમંદિર બની રહ્યું છે; તેનો પણ પ્રતિષ્ઠામહોત્સવ આવતા વર્ષમાં થશે. વાંકાનેરમાં યુવાનોએ અકલંક–નિકલંક નાટક કર્યું હતું; તેમાં જૈનધર્મની ભક્તિ–પ્રભાવના પ્રસંગો દેખીને સૌ આનંદિત થયા હતા.

# આત્મધર્મ

શ્રી દેવ–ગુરુની મંગલછાયામાં, જિનવાણીના એક નાનકડા પ્રતિનિધિ જેવું આપણું ‘આત્મધર્મ’ આ અંકની સાથે ૩૧ વર્ષ પૂરાં કરે છે, ને આગામી અંકે ૩૨ મા વર્ષમાં પ્રવેશ કરીને, વીરનિર્વાણના ૨૫૦૦ વર્ષીય મહાન ઉત્સવમાં પોતાનો ભક્તિભીનો સાથ આપશે.

વીતરાગી જિનવાણીના રહસ્યને ગુરુદેવના ઉપદેશદ્વારા રજુ કરતું આત્મધર્મ આપણી સંસ્થાના પ્રાણસમાન છે; એટલે, આત્મધર્મ પ્રત્યેનો પ્રત્યાઘાત એ આપણી સંસ્થા પ્રત્યેનો જ પ્રત્યાઘાત છે,–એ વાત સંસ્થાના હિતસ્વી સૌ સમજશે. આજે આત્મ–ધર્મ માત્ર સંસ્થાનું નહિ પણ સમસ્ત જૈનસમાજના જિજ્ઞાસુઓનું પ્રિય માસિક છે; જિનવાણીરસિક સૌ જિજ્ઞાસુઓ આત્મધર્મના વિકાસમાં સહકાર આપી રહ્યા છે.

## થોડુંક–આત્મધર્મના વધુ પ્રચાર માટે–

આત્મધર્મદ્વારા પ્રતિપાદિત થતા આત્મહિતના ઉત્તમ તત્ત્વોને સર્વે મુમુક્ષુઓ જાણે જ છે; મુમુક્ષુઓના અંતરમાં આત્મધર્મનું ઊંડું ગૌરવ છે; ને તેના વિકાસમાં સૌને પૂરો રસ છે. આથી જ, સર્વે મુમુક્ષુઓના સહકારથી દરવર્ષે આત્મધર્મના વધુ ને વધુ પ્રચાર માટે આપણી સંસ્થાએ ગમે તેટલી મોટી રકમ ખરચવામાં કદી પાછી પાની કરી નથી, ને હજી કાગળ વગેરેની કપરી પરિસ્થિતિ વચ્ચે પણ, પાછી પાની તો નહિ કરીએ, પરંતુ મુમુક્ષુઓના સહકારથી આગે કદમ કરીશું.

આ માટે, હાલ આપણે જેટલા પાનાં આપીએ છીએ તે ઉપરાંત, મહાવીર–નિર્વાણોત્સવના આ મહાન વર્ષમાં ૮ કે ૧૬ પાનાં વધુ આપીએ તો તેમાં બીજું અવનવું સાહિત્ય આપી શકાય. આ માટે એક અંકમાં (૩૫૦૦ નકલ) એક ફરમાના ૮ પાનાંનું ખર્ચ લગભગ રૂા. ૪૦૧ આવે છે. એટલું ખર્ચ આપતાં આપના તરફથી એકંદર ૨૮૦૦૦ (અઠ્ઠાવીસ હજાર!) પાનાં જેટલા વીતરાગી સાહિત્યની પ્રભાવના આપ કરી શકો છો; ને એ રીતે વીરનાથના શાસનની પ્રભાવનામાં આપ પણ સાથ આપી શકો છો.–કેવું સુંદર! આ માટે એકેક ફોર્મનું ખર્ચ આપનારા વર્ષ દરમિયાન ૨૫ જેટલા નામોની જરૂર છે. અડધા ફોર્મના રૂા. ૨૦૧ પણ આપી શકાય; જેમના તરફથી જે ફોર્મ છપાય તેમાં તેમના નામનો ઉલ્લેખ આવશે.

–ઉપરોક્ત યોજના માનનીય પ્રમુખશ્રીએ પસંદ કરી છે; તે માટે ઓછામાં ઓછા છ નામ આવી ગયા પછી તેની શરૂઆત કરીશું.

લવાજમ આવતી સાલથી રૂા. ૬/ (છ રૂપિયા) કરવામાં આવ્યું છે. આપ (ભૂલથી ચાર નહિ પણ) છ રૂપિયા લવાજમ વેલાસર, આત્મધર્મ–કાર્યાલય, સોનગઢ) (૩૬૪૨૫૦) એ સરનામે મોકલી આપશો. અત્યારે આત્મધર્મના ૩૫૦૦ ઉપરાંત ગ્રાહકો છે–જે અત્યાર સુધીના ૩૧ વર્ષમાં સૌથી વધુ છે;–પણ હવેના નિર્વાણ–મહોત્સવના મહાન વર્ષમાં એ સંખ્યા વધીને ૪૦૦૦ નો આંક વટાવી દેશે એવી આપણે અપેક્ષા રાખીએ. માત્ર લવાજમ વધવાના કારણે એકપણ જિજ્ઞાસુ આત્મધર્મ વાંચવાનું બંધ ન કરે; તે માટે સમર્થ જિજ્ઞાસુઓ પોતપોતાના અન્ય સાધર્મીનું પણ લવાજમ ભરીને વાત્સલ્યભાવ બતાવજો. આત્મધર્મને પ્રગતીના પંથે રાખવા માટે સંકોચપૂર્વક લવાજમમાં આટલો વધારો કરવાની ફરજ પડી છે. આપ તુરતમાં જ આપનું લવાજમ ભરીને સાથ આપશો. કાગળની ખેંચને કારણે અંકો મર્યાદિત સંખ્યામાં જ છપાય છે, અને મોડા લવાજમ મોકલનારને શરૂના અંકો મળવાનું મુશ્કેલ બની જાય છે. પહેલી તારીખથી જ નવો અંક છાપવાનું શરૂ થશે, માટે આપ ત્યાર પહેલાં જ લવાજમ મોકલી આપશો. મુંબઈ–રાજકોટ–અમદાવાદ–કલકત્તા વગેરેના મુમુક્ષુ મંડળને શીઘ્ર પોતાના ગ્રાહકોનું લીસ્ટ લખી મોકલવા સૂચના છે.

આત્મધર્મ ઘરઘરમાં ઊચ્ચ સંસ્કારોની કેવી સુંદર રેલમછેલ કરે છે તે આપ સૌ જાણો છો. તેમાંય આ તો વિશેષ ઉત્સવનું વર્ષ આપના પરિવારને ખૂબ જ આનંદિત કરશે.

આત્મધર્મમાં સાથ–સહકાર આપનારા સર્વે સાધર્મીજનોનો આભાર માનીએ છીએ, અને વિશેષ ઉન્નતિ માટે સૌના સહકારની અપેક્ષા રાખીએ છીએ. –બ્ર. હરિલાલ જૈન



## ઉત્સવના મંગલ વધામણાં-

ભગવાન મહાવીરના નિર્વાણમહોત્સવના ૨૫૦૦ વર્ષના ઉપલક્ષમાં આખા વર્ષનો જે ભવ્યમહોત્સવ ભારતભરમાં ઉજવવાનો છે તેનો મંગલ પ્રારંભ તા. ૧૩ નવેમ્બરના રોજ થઈ રહ્યો છે. તે મંગલ પ્રારંભમાં ભારતના વડાપ્રધાન શ્રીમતી ઇંદિરાબેન ગાંધી રેડિયો-પ્રવચન દ્વારા મહાવીર ભગવાન પ્રત્યે અંજલિ આપશે.-અને તેમના કરતાંય વધુ ભાવભીની શ્રદ્ધાંજલિ આપણે સૌ મુમુક્ષુઓ આપીશું

## 卐 ભગવાન મહાવીર ૨૫૦૦ વર્ષીય નિર્વાણ-મહોત્સવ 卐

[ આ સંબંધી આનંદદાયક યોજનામાં, પોતે ભેગા કરેલા અઢીહજાર પૈસા (પચીસરૂપિયા) ઘણા બાલસભ્યો તેમજ જિજ્ઞાસુઓ ખૂબ ઉત્સાહથી મોકલી રહ્યા છે. વીરનાથના મંગલ મહોત્સવ પ્રત્યે સમાજનો આવો ઉત્સાહ દેખીને આનંદ થાય છે. જેમના તરફથી ૨૫ રૂા. આવેલ છે તેમનાં નામ અહીં આપીએ છીએ. ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫ | ગાંડાલાલ એચ. મોદી | મદ્રાસ | ૬૧ | રંજન ગજેન્દ્ર જૈન | ધારવાર |
| ૩૬ | કંચનબેન ચોટીલાવાલા | સોનગઢ | ૬૨ | કિરણ ગજેન્દ્ર જૈન | ધારવાર |
| ૩૭ | જયેન્દ્રકમાર પ્રવીણચંદ્ર | ધ્રાંગધ્રા | ૬૩ | દીપ્તિ ગજેન્દ્ર જૈન | ધારવાર |
| ૩૮ | સવિતાબેન રસિકલાલ | રાજકોટ | ૬૪ | જયેશ ગજેન્દ્ર જૈન | ધારવાર |
| ૩૯ | જેકુંવરબેન મયાચંદ | સોનગઢ | ૬૫ | સંજય પ્રતાપરાય જૈન | રાજકોટ |
| ૪૦ | રમેશ એચ. ભાયાણી | મુંબઈ | ૬૬ | જયોત્સના બાબુભાઈ જૈન | મુંબઈ |
| ૪૧ | શાંતિલાલ છગનલાલ | ભાવનગર | ૬૭ | મનિશકુમાર ઈશ્વરલાલ જૈન | રાજકોટ |
| ૪૨ | જ્યોત્સનાબેન ભૂપતરાય | ઉમરાળા | ૬૮ | ભાવનાબેન ઈશ્વરલાલ જૈન | રાજકોટ |
| ૪૩ | કિરણબેન અશોકકુમાર | અમદાવાદ | ૬૯ | અરુણકુમાર વૃજલાલ જૈન | રાજકોટ |
| ૪૪ | છોટાલાલ મોહનલાલ | અમદાવાદ | ૭૦ | ભૂપતરાય છોટાલાલ ભાયાણી | રાજકોટ |
| ૪૫ | પ્રીતિબેન વૃજલાલ | જલગાંવ | ૭૧ | ભારતીબેન કામદાર જૈન | મુંબઈ |
| ૪૬ | સમજુબેન ગોવિંદજી | ધ્રાંગધ્રા | ૭૨ | ભૂપેન્દ્રકુમાર જૈન | મલાડ |
| ૪૭ | ઘેવરચંદ પન્નાલાલ | ખૈરાગઢ | ૭૩ | વિપુલકુમાર કનૈયાલાલ ભાયાણી | કાંદીવલી |
| ૪૮ | ઘેવરચંદ જસવંતરાય | ખૈરાગઢ | ૭૪ | મનીષકુમાર કનૈયાલાલ જૈન | કાંદીવલી |
| ૪૯ | નીતાબેન વસંતરાય | ભાવનગર | ૭૫ | ચીમનલાલ પ્રેમજી જૈન | મોડાસા |
| ૫૦ | સ્વ. ઉષાબેન વૃજલાલ | જલગાંવ | ૭૬ | જયંતિલાલ પાનાચંદ ગાંધી | વ્યારા |
| ૫૧ | સુંદરબેન હીરાબેન | ઇન્દોર | ૭૭ | કે. એમ. કોઠારી | વરલી |
| ૫૨ | સમુબેન કેશવજી વઢવાણવાળા | સોનગઢ | ૭૮ | શરદકુમાર જૈન | ઉજ્જૈન |
| ૫૩ | ચંચળબેન વખતચંદ વણીવાળા | સોનગઢ | ૭૯ | મરઘાબેન મણીલાલ જૈન | સોનગઢ |
| ૫૪ | રેખાબેન વૃજલાલ જૈન | મુંબઈ | ૮૦ | અરવિંદ જયંતિલાલ જૈન | ગોંડલ |
| ૫૫ | રશ્મિબેન વૃજલાલ જૈન | મુંબઈ | ૮૧ | રાજેશ ચીમનલાલ જૈન | હૈદ્રાબાદ |
| ૫૬ | અરૂણાબેન વૃજલાલ જૈન | મુંબઈ | ૮૨ | જયશ્રીબેન ચીમનલાલ જૈન | હૈદ્રાબાદ |
| ૫૭ | સુરેશ મોહનલાલ જૈન | ભાવનગર | ૮૩ | નમ્રતાકુમારી સુરેન્દ્રકુમાર જૈન | સનાવદ |
| ૫૮ | ગુલાબદાસ લાલજી જૈન | ધારવાર | ૮૪ | રાકેશકુમાર સુરેન્દ્રકુમાર જૈન | સનાવદ |
| ૫૯ | ધનલક્ષ્મી ગુલાબદાસ જૈન | ધારવાર | ૮૫ | સોનાબેન ડુગરશી કચ્છી જૈન | સનાવદ |
| ૬૦ | ગજેન્દ્ર ગુલાબદાસ જૈન | ધારવાર | ૮૬ | મુક્તાબેન ચંદ્રશંકર તથા કાંતાબેન દવે | વઢવાણ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૭ | રાષ્ટ્રીયશાળા ( બ્ર.બ્ર. વિદ્યાબેન જૈન ) | મોરબી | ૯૬ | નૈનાબેન હીરાલાલ બી. જૈન | મુંબઈ |
| ૮૮ | અજિતકુમાર ઇન્દુલાલ જૈન | મોરબી | ૯૭ | મોના ભરતકુમાર એચ. જૈન | મુંબઈ |
| ૮૯ | દીવાળીબેન ચીમનલાલ જૈન | રાજકોટ | ૯૮ | રાજેશકુમાર મુકુંદરાય જૈન | ભાવનગર |
| ૯૦ | આરતિબેન હસમુખલાલ જૈન | મુંબઈ | ૯૯ | દીપ્તિબેન મુકુંદરાય જૈન | ભાવનગર |
| ૯૧ | રાજુ હસમુખલાલ જૈન | મુંબઈ | ૧૦૦ | કુમારી ચેતનાબેન ચંદુલાલ ડી. ગાંધી | વડોદરા |
| ૯૨ | મીન્ટુ દીલીપકુમાર જૈન | દિલ્હી | ૧૦૧ | મનીષાબેન બિપિનચંદ્ર આર. | અમદાવાદ |
| ૯૩ | રૂપાળીબેન અમરચંદ જૈન | ભાવનગર | ૧૦૨ | પુનમચંદ આશારામ જૈન | વડાલી |
| ૯૪ | દીપ્તિબેન રતિલાલ જૈન | અમદાવાદ | ૧૦૩ | અમીતકુમાર જ્યોતિન્દ્ર જૈન | રાજકોટ |
| ૯૫ | નિકુંજકુમાર રતિલાલ જૈન | અમદાવાદ | | ( તા. ૧૫–૧૦–૭૪ સુધી ) | |

## આત્મધર્મ પ્રચાર ખાતે તથા બાલવિભાગમાં આવેલ વિશેષ રકમો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧ | છગનભાઈ મોનજીભાઈ | સોનગઢ | ૧૧ | બંસીધર શાસ્ત્રી | બરોડા |
| ૫૧ | શાંતિલાલ દલીચંદ | કલકત્તા | ૫૧ | ઝવેરીબહેન ગુલાબચંદ ઝોબાલિયા | મુંબઈ |
| ૭ | મેસર્સ ગુલાબ જનરલસ્ટોર્સ | કોટા | ૨૧ | અશ્વિનકુમાર કનૈયાલાલ | દાહોદ |
| ૨૧ | ફૂલચંદજી વિમલચંદ્ર ઝાંઝરી | ઉજ્જૈન | ૫૧ | ભુપેન્દ્રભાઈ અમુલખ શેઠ | જોરાવરનગર |
| ૧૧ | પ્રભાવતીબેન નન્હેલાલ | જમશેદપુર | ૨૧ | પદમશી લખમશી | મુંબઈ |
| ૨૪ | સવિતાબેન રસિકલાલ | અજમેર | ૨૧ | ઉર્મિલાબહેન બિપિનચંદ્ર | ઘાટકોપર |
| ૨૫ | જેકુંવરબેન મયાચંદ શાહ | સોનગઢ | ૫૧ | ચીમનલાલ પોપટલાલ દોશી | વઢવાણ |
| ૫૧ | નર્મદાબેન તલકશી | રાજકોટ | ૧૦૧ | જ્યોત્સનાબહેન બાલુભાઈ શાહ | મુંબઈ |
| ૫૧ | મંછાબહેન જયંતિલાલ ભાયાણી | લાઠી | ૫૧ | નવલચંદ જે. શાહ | સોનગઢ |
| ૧૧ | બીનાબહેન પ્રવીણચંદ્ર મહેતા | મુંબઈ | ૨૨ | છબલબેન તંબોળી તથા વૃજલાલભાઈ | જામનગર |
| ૧૧ | રીટાબહેન પ્રવીણચંદ્ર મહેતા | મુંબઈ | ૫ | જસવંત ખેમરાજ | ખૈરાગઢ |
| ૧૦૧ | કસુંબાબહેન બાલુભાઈ વોરા | કલકત્તા | ૨૧ | જમનાદાસ ચત્રભુજ કોઠારી | અમરાવતી |
| ૧૦૧ | ઇન્દુબહેન રમણિકલાલ | કલકત્તા | | ( તા. ૧૫–૧૦–૭૪ સુધી ) | |

[ જરૂરીઃ સૂચનાઃ પચીસ રૂપિયા ભરનારનાં જે ૧૦૩ નામો આત્મધર્મમાં પ્રગટ થયા છે તેઓ સૌ પોતાનું પૂરું સરનામું તથા આત્મધર્મમાં આવેલ તેમનો નંબર લખી મોકલશો જેથી જરૂર પડયે અમારે કાંઈ મોકલવું હોય તો મોકલી શકીએ. ]

# 卐 મહાવીર-પરિવાર 卐

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫૬ | ગુણવંતીબેન પાનાચંદ | અડતાલા | १८३ | निरंजना जैन | जबैरा |
| ૧૫૭ | લાભુબેન અનંતરાય શાહ | અમદાવાદ | १८४ | सुमद्राबाई जैन | मुरादिया |
| ૧૫૮ | પ્રભાબેન દામોદરદાસ શાહ | અમદાવાદ | १८५ | ताराचंद जैन | मलावत |
| ૧૫૯ | મંજુલાબેન રમેશચંદ્ર | સુરેન્દ્રનગર | ૧૮૬ | સદુબેન કેસરીસિંહ જૈન | વડોદરા |
| ૧૬૦ | મયુરીબેન રમેશચંદ્ર શાહ | સુરેન્દ્રનગર | ૧૮૭ | અનુભાઈ કેસરી સિંહ જૈન | વડોદરા |
| ૧૬૧ | ચેતનકુમાર અનંતરાય શાહ | અમદાવાદ | ૧૮૮ | સાકરબેન સકરાભાઈ જૈન | વડોદરા |
| ૧૬૨ | હીનાબેન અનંતરાય શાહ | અમદાવાદ | ૧૮૯ | મણીબેન સકરાભાઈ જૈન | વડોદરા |
| ૧૬૩ | નવીનચંદ્ર દામોદરદાસ મોદી | અમદાવાદ | ૧૯૦ | મંજુલાબેન નારાયણ જૈન | વડોદરા |
| ૧૬૪ | કુ. સાધનાબેન દૂલીચંદ જૈન | ખૈરાગઢ | ૧૯૧ | ડાહ્યાભાઈ નારાયણ જૈન | વડોદરા |
| ૧૬૫ | ગંગાબેન રતિલાલ જૈન | સોનગઢ | ૧૯૨ | શામુબેન નારાયણ જૈન | વડોદરા |
| ૧૬૬ | નલિનકુમાર મીઠાલાલ ગાંધી | પ્રાંતિજ | ૧૯૩ | રૂપલબેન ઇન્દ્રવદન શાહ | વડોદરા |
| ૧૬૭ | જયોત્સનાબેન બાબુલાલ | મુંબઈ-૨ | ૧૯૪ | સોનલબેન ઇન્દ્રવદન શાહ | વડોદરા |
| ૧૬૮ | રતિલાલ દામોદર શાહ | જોરાવરનગર | ૧૯૫ | પ્રીતિબેન હસમુખલાલ જૈન | વડોદરા |
| ૧૬૯ | વિરજીભાઈ | ભાદ્રોડ | ૧૯૬ | સતીષકુમાર હસમુખલાલ જૈન | વડોદરા |
| ૧૭૦ | ભાણીબેન જૈન | ભાદ્રોડ | ૧૯૭ | પુનમચંદ આસારામ કોઠારી | વડાલી |
| ૧૭૧ | જેઠીબેન જૈન | ભાદ્રોડ | ૧૯૮ | મરઘાબેન મણીલાલ જૈન | – |
| ૧૭૨ | છબીલદાસ સુંદરજી વારીઆ | રાજકોટ | ૧૯૯ | હિંમતલાલ વાલજીભાઈ જૈન | વીંછીયા |
| ૧૭૩ | લલિતાબેન સી. વારીઆ | રાજકોટ | ૨૦૦ | મણીબેન સોમચંદભાઈ જૈન | વીંછીયા |
| ૧૭૪ | પ્રદીપકુમાર સી. વારીઆ | રાજકોટ | ૨૦૧ | મુક્તાબેન હિંમતલાલ જૈન | વીંછીયા |
| ૧૭૫ | જયંતિલાલ મોરભાઈ જૈન | વઢવાણ | ૨૦૨ | રંભાબેન રતીલાલ જૈન | વીંછીયા |
| ૧૭૬ | લલિતાબેન જયંતિલાલ | વઢવાણ | ૨૦૩ | શારદાબેન શાંતિલાલ જૈન | વીંછીયા |
| ૧૭૭ | વિજયકુમાર પોપટલાલ શાહ | પ્રાંતિજ | ૨૦૪ | જબુબેન પ્રાગજી જૈન | વીંછીયા |
| ૧૭૮ | મોહનલાલ જૈન | જલગાંવ | ૨૦૫ | જયાબેન ન્યાલચંદ જૈન | વીંછીયા |
| ૧૭૯ | લલિતાબેન વૃજલાલ શાહ | જલગાંવ | ૨૦૬ | કુસુમબેન ચીમનલાલ જૈન | વીંછીયા |
| ૧૮૦ | નિતિનકુમાર સોગઠી | જલગાંવ | ૨૦૭ | નર્મદાબેન ઠાકરશીભાઈ જૈન | વીંછીયા |
| ૧૮૧ | મંજુલાબેન ટીલીયાં | જલગાંવ | २०८ | नेमीचंद बहादूरमलकजी जैन | इन्दौर |
| ૧૮૨ | દીનાબેન મહાસુખલાલ જૈન | ચોટીલા | २०९ | नजरबाई नेमीचंद जैन | इन्दौर |

| | | | | | |
|---|---|---|---|---|---|
| २१० | चंदावतीबाई गुलाबचंद मोदी | इन्दोर | ૨૩૨ | રૂપાળીબેન ચંપાલાલ જૈન | બાવલવાડા |
| २११ | माणकबाई मिश्रीलालजी जैन | इन्दोर | ૨૩૩ | હીરાચંદજી દાડમચંદ જૈન | બાવલવાડા |
| २१२ | गुलाबबाई कस्तुरचंदजी सेठी | इन्दोर | ૨૩૪ | મણિબેન નગજીભાઈ જૈન | બાવલવાડા |
| २९३ | सजनबाई चंपालालजी झाला | इन्दोर | ૨૩૫ | ચમેલીબેન મગનલાલ જૈન | બાવલવાડા |
| २१४ | गुणमाबाई पुनमचंदजी जैन | इन्दोर | ૨૩૬ | હાકરબેન હીરાચંદ જૈન | બાવલવાડા |
| २१५ | रतनबाई केसरीमलजी जैन | इन्दोर | ૨૩૭ | દીવાળીબેન પાનાચંદ જૈન | બાવલવાડા |
| २१६ | लक्ष्मीबाई चांदमलजी गोधा | इन्दोर | ૨૩૮ | અમૃતબેન પાનાચંદ જૈન | બાવલવાડા |
| २१७ | चापबाई चांदमलजी गोधा | इन्दोर | ૨૩૯ | કસ્તુરીબેન ખુમજી જૈન | બાવલવાડા |
| २१८ | कंचनबाई चुनिलालजी जैन | इन्दोर | ૨૪૦ | મોતીબેન નાથાલાલ જૈન | બાવલવાડા |
| २१९ | सोनबाई मुन्नालालजी पंडित | इन्दोर | ૨૪૧ | રતનબેન મોતલાલ જૈન | બાવલવાડા |
| २२० | चोसरबाई चांदमलजी अजमेरा | इन्दोर | ૨૪૨ | રતનબેન ખેમચંદ જૈન | બાવલવાડા |
| २२१ | सुंदरबाई रामनिवासजी बडजात्या | इन्दोर | ૨૪૩ | ખુમજી દલીચંદ ફડીઆ | બાવલવાડા |
| २२२ | रतनबाई जैन | इन्दोर | ૨૪૪ | અરજણભાઈ કરમશી જૈન | બાવલવાડા |
| २२३ | कस्तुरबाई जैन | इन्दोर | ૨૪૫ | કાશીબેન અરજણભાઈ | બાવલવાડા |
| २२४ | लक्ष्मीबाई जैन | इन्दोर | ૨૪૬ | ચંપાબેન લલ્લુભાઈ જૈન | બાવલવાડા |
| २२५ | विमलाबाई जैन पोरवाल | इन्दोर | २४७ | चान्रमल जैन | अजमेर |
| २२६ | मूलीबाई गुलाबचंदजी जैन | इन्दोर | २४८ | शकुन्तला चान्दमल जैन | अजमेर |
| २२७ | सुभद्राबाई जैन | मुरारिया | २४९ | राजाराम मुनित | गुना |
| २२८ | बापुलाल पटवारी | बिजोलिया | २५० | कुमारी सरलाबेन जैन | अशोकनगर |
| ૨૨૯ | હરીશકુમાર જેઠાલાલ જૈન | મોરબી | २५१ | चौथमल खेमराज जैन | – |
| ૨૩૦ | ચંપાલાલ હીમચંદ ગાંધી | બાવલવાડા | २५२ | भगवानदास नन्हेलाल जैन | पावागीर ऊन |
| ૨૩૧ | નગજીભાઈ દલીચંદ ફડીઆ | બાવલવાડા | २५३ | पुरनचन्द बाबुलाल जैन | ऊन |

**[ સોનગઢમાં વસતા મુમુક્ષુ ભાઈ–બહેનોનો મોટો ભાગ, તથા બીજા અનેક ગામના વડીલ સાધર્મી ભાઈ–બહેનો આ છ બોલનું પાલન વર્ષોથી કરે જ છે,–એટલે તેઓને જીવનમાં છ બોલ સહજ થઈ ગયા હોવાથી તેઓ પોતાનું નામ લખી મોકલતા નથી. તેઓ સૌ આપણા મહાવીરપરિવારમાં જ છે; એ રીતે આપણો મંગલપરિવાર ઘણો મોટો છે. ]**

# આનંદનો મહોત્સવ

## [ મહાવીર-નિર્વાણોત્સવ સંબંધી નાટક ]


હમણાં દીવાળી આવશે ને મહાવીર ભગવાનના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવનો પ્રારંભ થશે. મહોત્સવ આખું વર્ષ ચાલશે. ભારતના નાના-મોટા સૌ આનંદપૂર્વક તેમાં ભાગ લઈશું. ભગવાનના કલ્યાણકના વિશેષ પ્રસંગોએ ઇન્દ્ર પણ પોતાનો મહાન આનંદ નાટક દ્વારા વ્યક્ત કરે છે. જૈન બાળકો પણ નાટક દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કરે ને એ રીતે મહાવીરભગવાનની ભક્તિ પણ કરે–તે માટે અહીં એક નાનકડું નાટક રજૂ થાય છે. જૈનસમાજના કોઈપણ ફિરકાના બાળકો કે બાલિકાઓ સંકોચ વગર આ નાટક ભજવી શકશે. નાટક દીવાળી પહેલાં ધનતેરશ કે ચૌદશના રોજ કરવું વિશેષ યોગ્ય છે.

### [ ત્રણ વખત મહાવીર ભગવાનના જયનાદપૂર્વક શરૂઆત ]

(સૂત્રધાર:) આજે મહાન આનંદનો દિવસ છે; આપણા શાસનદેવ મહાવીર ભગવાન આજે મોક્ષ પધાર્યા છે. જગતમાં સૌથી મહાન એવો જૈનધર્મ, અને મહાવીર ભગવાન જેવા વીતરાગી દેવ, મહાન ભાગ્યથી આપણને પ્રાપ્ત થયા છે. ભગવાને આપણને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે, તેથી તેમની જેટલી ભક્તિ કરીએ ને જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. આજના મંગલ પ્રસંગે એક નાનકડા નાટક દ્વારા અમે અમારો આનંદ અને ભક્તિ વ્યક્ત કરીએ છીએ.

**[ પાંચ બાળકોએ આ અથવા બીજી ગમે તે મંગળ સ્તુતિ બોલવી. ]**

**કરું નમન હું અરિહંત દેવને;**
**કરું નમન હું સિદ્ધ ભગવંતને;**
**કરું નમન હું આચાર્ય દેવને;**
**કરું નમન હું ઉપાધ્યાય દેવને;**
**કરું નમન હું સાધુ ભગવંતને;**
**પરમેષ્ઠી- પંચ પ્રભુ મને બહુ ઇષ્ટ છે,**



## [ મંગલ ઘંટનાદ, વાજાં, પ્રકાશ... ]

( ૧. સખી ) : અરે બહેન! આ મંગલ ઘંટ શેનાં વાગ્યા? આ મંગલ વાજાં શેનાં વાગે છે? આ દિવ્ય પ્રકાશનો ઝગઝગાટ શેનો છે?

( ૨. સખી ) : વાહ, બહેન! આજે તો આપણા મહાવીર ભગવાનના મોક્ષનો મહાન દિવસ છે. અઢીહજાર વર્ષ પહેલાં પાવાપુરીથી ભગવાન મોક્ષ પધાર્યા ત્યારે આખા જગતમાં આનંદ ફેલાયો હતો; આજેય મોક્ષના આનંદનો ઉત્સવ આખું જગત ઉજવી રહ્યું છે. આપણે પણ આનંદથી મોક્ષદશાને યાદ કરીને તેની ભાવના ભાવીએ છીએ.

( ૩. સખી ) : વાહ બહેન વાહ! ભગવાનના મોક્ષને યાદ કરતાં કોને આનંદ ન થાય! ભગવાન તો આનંદના જ દેનાર છે.–

**આનંદ આનંદ આજ હૈ, નિર્વાણ-ઉત્સવ આજ હૈ,**
**આવો ભક્તો આવો સર્વે ખુશી અપરંપાર છે.**
**આનંદ-મંગળ આજ હૈ વીરપ્રભુ જયકાર હૈ,**
**આવો ભક્તો ગાવો સર્વે વીરપ્રભુ ગુણગાન હૈ.**

( ૪. સખી ) : બહેન, મહાવીર ભગવાનના મોક્ષનો આટલો બધો મહિમા કેમ હશે?

( ૫. સખી ) મોક્ષદશા સૌથી ઊંચી છે ને પૂર્ણ આનંદમય છે; એવી દશાને ભગવાને પ્રાપ્ત કરી, તેથી તેમનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. સાંભળ! કુંદકુંદસ્વામી તેનો મહિમા કરતાં કહે છે કે–

(દરેક ગાથા બે વાર બોલવી)

**અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનુપ અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગી સિદ્ધને.**
**અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોકઅગ્રે, સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને.**

વાહ, ભગવાન આવા મોક્ષપદને પામ્યા; તો તેમનું જીવન પણ કેવું અદ્ભુત હશે!

(સખી–૬) અરે, એની શી વાત! આપણા ભગવાનના અદ્ભુત મહિમાની શું તને ખબર નથી?–જો સાંભળ! આપણા ભગવાન એ કાંઈ રાગ–દ્વેષ કરવા માટે કે જગતનું ભલું–બૂરું કરવા માટે નહોતા અવતર્યા, પણ એ તો વીતરાગ થઈને ભવને તરવા માટે જન્મ્યા હતા.

(સખી–૭) –અને બીજી વાત એ છે કે ભગવાન પોતે તો વીતરાગ થઈને ભવથી તર્યા ને મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને આપણને પણ ભવથી તરવાનો ઉપાય બતાવ્યો. તેથી ભગવાન મહાન છે.

(સખી–૮) હા જુઓ, '**नमुत्थुणं**' માં પણ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે– **तिन्नाणं...तारयाणं** એટલે હે ભગવાન! આપ પોતે તો ભવસમુદ્રથી તરનારા છો; ને આત્માનું સ્વરૂપ બતાવીને અમને પણ ભવથી તારનારા છો.

–પણ હેં બહેન! તરવાનો ઉપાય તો જગતના બધા ધર્મો બતાવે જ છે ને?

(સખી–૧) ના બેન! એ વાત ખોટી છે. સંસારથી તરવાનો સાચો ઉપાય તો જૈન–ધર્મમાં આપણા ભગવાન મહાવીરે જ બતાવ્યો છે; ને તે જ એક ભવથી તરવાનો સાચો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

(સખી–૨) વાહ બેન, તું તો વિદ્વાન લાગે છે! ભગવાને સંસારથી તરવાનો ઉપાય શું કહ્યો છે? તે બતાવ.

(સખી–૩) સાંભળ બેન, બધા જૈનશાસ્ત્રોએ એ વાત સ્વીકારી છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. આપણા ભગવાન મહાવીરે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રનો ઉપદેશ આપ્યો છે. એટલે, જો આપણે ભગવાનના માર્ગે ચાલવું હોય તો આપણે પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની આરાધના કરવી જોઈએ.

(સખી–૪) વાહ બેન તમે તો બહુ ઊંચી વાત કરી. પણ અમને સમજાય તેવું કંઈ કહોને?

(સખી–૫) બહેન, બહુ ઊંચી વાત છે–એ ખરું; પણ આપણો ધર્મ ઊંચો છે એટલે તેની બધી વાત પણ ઊંચી જ હોય ને! ઊંચું–ઊંચું એવું મોક્ષપદ પામવા માટે તો ઊંચો–ઊંચો રસ્તો જ લેવો જોઈએ ને!

(સખી–૬) બરાબર છે; આપણા મહાવીર ભગવાને પણ એવો ઊંચો રસ્તો લીધો જ હતો ને!

(સખી–૭) હા જુઓ, મહાવીર ભગવાન છેને, તે જીવ પહેલાં તો અજ્ઞાની અને માંસાહારી સિંહ હતો; પણ પછી તે જીવ જૈનધર્મ પામ્યો, તેણે માંસાહાર છોડી દીધો ને મુનિરાજના ઉપદેશથી આત્મસ્વરૂપ ઓળખીને તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. પછીના ભવોમાં સાધુ થઈ, વીતરાગી ચારિત્ર પાળી કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને અંતે પાવાપુરીથી મોક્ષ પધાર્યા. મોક્ષને માટે પ્રભુએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું જોઈએ.

(સખી–૮) વાહ, પ્રવીણાબેન! તમે તો ભગવાનનું આખું જીવનચરિત્ર બતાવી દીધું; તે સાંભળીને આનંદ થયો છે ને મહાવીરપ્રભુના માર્ગે જવાની ભાવના જાગે છે.

(સખી–૧) હા, બેન! ખરેખર આપણે વીરનાં સંતાન છીએ, ને વીરપ્રભુના માર્ગે જ આપણે જવાનું છે. આપણે જૈન છીએ; જૈન એટલે જિનવરનો સંતાન.

(બધા સાથે–) **અમે તો જિનવરનાં સંતાન...જિનવરપંથે વિચરશું....**

**ગાતાં પ્રભુજીનાં ગુણગાન ઉજ્વલ આત્માને વરશું...**

**અમે તો મહાવીરનાં સંતાન, મહાવીર પંથે વિચરશું...**

**કરીને આત્માની ઓળખાણ મુક્તિ પંથે વિચરશું...**

(સખી–૨) અહા, મહાવીર ભગવાનનો માર્ગ કેટલો સુંદર છે! કેટલો મહાન છે! મહાવીરનો માર્ગ એટલે વીતરાગભાવ! મહાવીરનો માર્ગ એટલે મુક્તિનો માર્ગ. તે માર્ગ આજે આપણને મળ્યો છે, તો ચાલો! સૌ આનંદથી તે માર્ગે જઈએ.

(સખી–૩) ભગવાન મોક્ષ પધાર્યા તેને આજે અઢીહજાર વર્ષ વીતી ગયા, છતાં આજે પણ ભગવાને દેખાડેલો મોક્ષમાર્ગ કેવો મજાનો શોભી રહ્યો છે!

(સખી–૪) વાહ બેન! ખરેખર આપણા મહાન ભાગ્ય છે. અરે આવો હળહળતો પાપયુગ, ચારેકોર પાપનો પાર નહિ, ડગલે ને પગલે હિંસા–જૂઠું–ચોરી– સીનેમાના ભયંકર ખોટા સંસ્કાર, ને અન્યાયના માર્ગે પૈસાના પરિગ્રહનું ગાંડપણ,–એની

વચ્ચે પણ આજે આપણને આવો મજાનો વીતરાગીધર્મ અને તેના ઉત્તમ સંસ્કાર મળ્યા છે તે ભગવાન મહાવીરનો પ્રતાપ છે.

(સખી–૫) બસ, તેથી આપણે સૌ મહાવીર ભગવાનના માર્ગે જવા તૈયાર થયા છીએ. બહેનો, આજથી આપણે સિનેમા નહિ જોઈએ, કંદમૂળ નહિ ખાઈએ,–બોલો ?–છે કબુલ ?

(બધા સાથે) હા, કબુલ છે–કબુલ છે–કબુલ છે!

આપણે હવે સિનેમા નહીં જોઈએ; કંદમૂળ નહીં ખાઈએ.

[ઘંટનાદ–શાબાશી]

(સખી–૬) અને દરરોજ ભગવાનનાં દર્શન કરવા આવશું; તથા ધર્મનો અભ્યાસ પણ કરશું–જેથી મહાવીર ભગવાનના માર્ગને ઓળખીને આપણે પણ તે માર્ગે જઈએ.

(સખી–૭) વાહ, ઘણું સરસ! ભગવાનના માર્ગે જવા માટે આપણે સૌ તૈયાર છીએ... (બધા સાથે–) તૈયાર છીએ...તૈયાર છીએ.

[એક ગવડાવે....ને...બીજા બધા ઝીલે...] (દરેક લાઈન બે વાર બોલવી)

વીરપ્રભુનાં સૌ સંતાન! ........ છે તૈયાર........ છે તૈયાર........
વીરપ્રભુના પંથે જાવા ........ છે તૈયાર........ છે તૈયાર........
અરિહંતદેવની સેવા કરવા ........ છે તૈયાર........ છે તૈયાર........
જિનશાસનની સેવા કરવા ........ છે તૈયાર........ છે તૈયાર........
સાધુજનોની સેવા કરવા ........ છે તૈયાર........ છે તૈયાર........
સમ્યગ્દર્શન–જ્ઞાન કરવા ........ છે તૈયાર........ છે તૈયાર........
ઉત્તમ ચારિત્ર પાલન કરવા ........ છે તૈયાર........ છે તૈયાર........
મોક્ષના માર્ગે દોડી જાવા ........ છે તૈયાર........ છે તૈયાર........
ભવબંધનથી છૂટી જાવા ........ છે તૈયાર........ છે તૈયાર........
વીરના માર્ગે દોડી જાવા ........ છે તૈયાર........ છે તૈયાર........
સિદ્ધપ્રભુની સાથે રહેવા ........ છે તૈયાર........ છે તૈયાર........

(સખી–૮) વાહ, આપણો ઉત્સાહ અને ભક્તિ દેખીને આપણા સંઘપતિજી (તથા માતાજી) અને બધા વડીલો કેવા ખુશી થાય છે! આપણે સૌએ કાયમ આવા ઉત્સાહથી ને આનંદથી ધર્મમાં રસ લેવો જોઈએ.

(સખી-૧) જરૂર બહેન! આજે તો મહાવીર ભગવાનના મોક્ષનો ઉત્સવ ઉજવવાની ખૂબ મજા આવી...આત્માને ઘણો લાભ થયો...આત્મામાં જાણે ચૈતન્ય-દીવડા પ્રગટયા ને અપૂર્વ દીવાળી આવી...સાથે આનંદ પણ લાવી!

(સખી-૨) અહા, ભગવાનના નિર્વાણનો આવો આનંદ-ઉત્સવ હજી તો આપણે આખુંયે વર્ષ ઊજવવાનો છે...આ તો હજી તેની શરૂઆત જ છે. આપણને હવે મહાવીરનો રંગ લાગ્યો છે; તે રંગ હવે કદી છૂટવાનો નથી.

(સખી-૩) ચાલો, આપણે સૌ એક નાનકડા રાસવડે ભક્તિ કરીને આપણો આનંદ વ્યક્ત કરીએ.

(બધા સાથે) હા....ચાલો...ચાલો...

[આ અથવા બીજો કોઈપણ રાસ ગાઈ શકાય.]

[કુંડાળાની વચ્ચે એક બાળક ધર્મધ્વજ ફરકાવતો હોય.]

હે......એ.....રંગ લાવ્યો,.......રંગ લાગ્યો!
રંગ લાગ્યો, મહાવીર! તારો રંગ લાગ્યો...
તારી ભક્તિ કરવાનો મને ભાવ જાગ્યો,
તારી પૂજા કરવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ સમ્યગ્દર્શનનો ભાવ જાગ્યો..... રંગ લાગ્યો... મહાવીર૦
પ્રભુ આતમજ્ઞાનનો ભાવ જાગ્યો,
મને ભેદ વિજ્ઞાનનો ભાવ જાગ્યો,
મને સાધુ થવાનો ભાવ જાગ્યો... રંગ લાવ્યો... મહાવીર૦
પ્રભુ મોક્ષે જવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ ભવથી તરવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ મહાવીર થવાનો મને ભાવ જાગ્યો... રંગ લાગ્યો... મહાવીર૦

[મહાવીર ભગવાનના જયકારપૂર્વક નાટક સમાપ્ત.]

[આ નાટકમાં ઉચિત ફેરફાર કરીને પણ ભજવી શકો છો. આપ આ નાટક ભજવો ત્યારે તે સંબંધી સમાચાર સંપાદક આત્મધર્મ (સોનગઢ) ને લખી જણાવશો. આ નાટકની છૂટી નકલો પણ મળી શકશે.]

# આવો ઉજવીએ.....વીર પ્રભુનો મંગલ ઉત્સવ

## ( કાર્યક્રમની સામાન્ય રૂપરેખા )

[ વર્ષોથી જેના મંગલવાજાં વાગી રહ્યા છે–એવો અભૂતપૂર્વ મહોત્સવ હવે એકદમ નજીક આવી રહ્યો છે ને દીવાળી તા. ૧૩ બુધવારના રોજ તેનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. તે દિવસના કાર્યક્રમસંબંધી માર્ગદર્શન આપવા અહીં એક સામાન્ય કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી છે. સુવિધા અનુસાર તેમાં ફેરફાર કરીને પણ, સૌએ આનંદ અને ઉલ્લાસ પૂર્વક ધામધૂમથી ઉત્સવ કરવો. –સં. ]

- ધનતેરસથી જ જિનમંદિરને સુંદર રીતે શણગારવું–પ્રકાશથી ઝગઝગતું શિખર, ધર્મધ્વજ, બની શકે તો ધર્મચક્ર–ફરતું, અને લાઉડસ્પીકરની વ્યવસ્થા દૂરદૂર સંભળાય તે રીતે ગોઠવવી. મંગલ ગીતો બે દિવસ વહેલા શરૂ કરી દેવા.
- દીવાળીની વહેલી સવારમાં શહેરના મધ્યચોકમાં ભેગા થઈ, મહાવીરપ્રભુનાં મંગલગીત ગાતાં ગાતાં, ( બાળકોએ–વીરપ્રભુનાં સૌ સંતાન–છે, તૈયાર, તથા ધર્મ મારો...ધર્મ મારો...ધર્મ મ્હારો રે...વગેરે કુચગીત ગાતાંગાતાં ) જિનમંદિરે દર્શને જવું.
- દર્શન, વિશેષપૂજન ( નિર્વાણકલ્યાણકપૂજન ), અભિષેક વગેરે ઉત્સાહથી કરવા. ત્યારબાદ મહાવીર–પ્રવચનસભાદ્વારા મહાવીરભગવાનના જીવનના ખાસ પ્રસંગો, આપણા ઉપર તેઓશ્રીના અદ્‌ભુત–અચિંત્ય–પરમ ઉપકારો, અને ભગવાને ઉપદેશેલો આત્મહિતનો માર્ગ–તે સંબંધી પ્રવચનો કરવા. બાળકો દ્વારા નાના સંવાદો, ભક્તિ વગેરે કાર્યક્રમો રાખવા. મહાવીરભગવાન સંબંધી રેડિયામાં જે કાર્યક્રમો આવવાના હોય તે લાઉડસ્પીકર દ્વારા પ્રસારિત કરવા. સાધર્મીઓમાં જેને જે કાંઈ કષ્ટ હોય તે દૂર કરવા પ્રયાસ કરવો. લાણી કરવી; સારાં નાનકડાં પુસ્તકો વહેંચવા. ( "ભગવાન મહાવીર" નાં પુસ્તકો ૧૫ રૂા. નાં એકસો લેખે સોનગઢથી મળશે. પાઠશાળાને ખાસ ઉત્તેજન આપવું.
- દેશકાળ અનુસાર સાધર્મીઓનું સમૂહભોજન કરવું. પૂર્વના બધા મતભેદો ભૂલીને મહાવીરપ્રભુના ભક્તો તરીકે સૌએ એકમેકપણાનો ભાવ જગાડીને આનંદથી હળવું–મળવું એક બીજાનું સન્માન કરવું.
- બપોરે નમસ્કારમંત્રનો સામૂહિક જાપ ( સૌ એકસો આઠ નમોક્કાર ગણે, અથવા સુવિધા મુજબ ), નવીન શાસ્ત્રની સ્વાધ્યાયનો મંગલ પ્રારંભ; સામૂહિક શાસ્ત્રપ્રવચન;

ભક્તિ; ધાર્મિક આનંદના કાર્યક્રમો અને ધામધૂમપૂર્વક મહાવીર ભગવાનની અતિ ભવ્ય રથયાત્રા (શકય હોય તો સમસ્ત જૈનસમાજે ભેગા મળીને કાઢવી. જ્યાં રથયાત્રા જાય ત્યાં મહાવીરપ્રભુના શાસનનો મહિમા પ્રસિદ્ધ કરવો. રથયાત્રામાં ધર્મધ્વજ–ધર્મચક્ર–લાઉડસ્પીકર રાખવું. ચાલતી રથયાત્રાના માર્ગમાં ભાવુકદર્શકોને નાના પુસ્તકોની લાણી કરતા જવી. (આ માટે અહિંસા પરમો ધર્મ, તથા ભગવાન મહાવીર એ બે પુસ્તકો ઉપયોગી છે–જે હાલ મળી શકે છે. જૈનબાળપોથી પણ ઉપયોગી થાય તેવી છે.)

❀ રાત્રે જિનમંદિરના ચોકમાં અદ્ભુત ઝગઝગાટ વચ્ચે મહાવીર ભગવાનના મહિમાને પ્રસિદ્ધ કરતી ભવ્ય સભા કરવી, જેમાં ગામના પ્રતિષ્ઠિત આગેવાનોને આમંત્રણ આપવું. ભગવાનનો મહિમા પ્રસિદ્ધ કરવો, આપણા જિનેન્દ્રદેવની વિશેષતાઓ સમજાવવી; તથા બીજા ભક્તિ–ભજન–રેકર્ડ ધાર્મિકનાટક–સંવાદ વગેરે સુંદર કાર્યક્રમોનું પ્રદર્શન કરવું. રાત્રે લાણી કરવી હોય તો (ખાવાની વસ્તુ સિવાયની બીજી) વસ્તુઓની લાણી કરવી. **એક વાત સૌએ ખાસ લક્ષમાં રાખવી કે પ્રવચન વગેરેમાં કયાંય ખંડનાત્મક પદ્ધત્તિથી પ્રતિપાદન ન કરવું, કે કટુભાષા ન વાપરવી; શાંત–મધુર શૈલિથી જ વીરનાથ ભગવાનનો અને તેમના શાસનનો મહિમા પ્રસિદ્ધ કરવો.**

(અહીં એક દીવાળીના દિવસના ઉત્સવના કાર્યક્રમની જનરલ રૂપરેખા આપી છે. અને ત્યાર પછી આઠ દિવસ સુધી (તા. ૨૦ સુધી) વિવિધ કાર્યક્રમવડે તે ઉત્સવ ચાલુ રાખવાનો છે. આનંદકારી અભૂતપૂર્વ ઉત્સવસંબંધી આપના ગામના પૂરા સમાચાર સોનગઢ (સંપાદક આત્મધર્મ) ઉપર મોકલી આપશોજી. હવે પછી પણ જેમ જેમ મંગલ પ્રસંગો આવતા જશે તેમ તેમ અગાઉથી તેની રૂપરેખા આપવા પ્રયાસ કરીશું. તથા આપ સૌ પણ આપના સૂચનો અમને જેમ બને તેમ વેલાસર મોકલશે તો તેનો ઉપયોગ કરીશું.

**“જય મહાવીર”**

---


* આત્મધર્મ દર મહિનાની ૨૦ મી તારીખે પ્રગટ થાય છે.
* પત્ર વ્યવહારનું સરનામું: સંપાદક: આત્મધર્મ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
* લવાજમ રૂા. ૬ મોકલવાનું સરનામું: આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)
* આપની જિજ્ઞાસાના પ્રશ્નો આપ મોકલી શકો છો.

# वन्दे तद्गुणलब्धये -




મોક્ષમાર્ગસ્ય નેતારં...ઇત્યાદિ વિશેષણોથી અર્હન્તદેવને જે વંદન કરે છે તેના ભાવમાં શું હોય છે ?–

* મોક્ષમાર્ગના નેતાને વંદન કરનારો જીવ,
જે ભાવથી મોક્ષમાર્ગ સધાય તે ભાવને જ આદરશે,
જે ભાવથી મોક્ષમાર્ગ ન સધાય તેને ને નહિ આદરે.

* **भेतारं कर्मभूभृताम्** એવા ભગવાનને વંદન કરનારો જીવ,
જે ભાવથી કર્મનું ભેદન થાય તે ભાવને જ આદરશે,
જે ભાવથી કર્મનું બંધન થાય તેને તે નહિ આદરે.

* **ज्ञातारं विश्वतत्त्वानां** એવા સર્વજ્ઞને જે વંદન કરે તે જીવ,
સર્વજ્ઞતાને અનુસરનારી એવી જ્ઞાનચેતનાને જ આદરશે,
સર્વજ્ઞતાને રોકનાર એવા રાગાદિભાવને તે નહિ આદરે.

* **वन्दे तद्गुणलब्धये** : ઉપર મુજબ ગુણજ્ઞાન સહિત સર્વજ્ઞને વંદન કરનારો તે જીવ, પોતાના રત્નત્રયભાવને પ્રગટાવતો થકો સર્વજ્ઞ જેવા ગુણોને ઉપલબ્ધ કરે છે.

**-આ મોક્ષના માર્ગનું મંગળ છે.**

## મહાવીરનો સન્દેશ

**આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે.**
**જ્ઞાન તે આત્માનું જીવન છે.**
**દરેક આત્મા સ્વતંત્ર પોતાથી પૂર્ણ છે.**
**દરેક આત્મામાં પોતાના અનંત ગુણ છે.**
**તમે તમારી પ્રભુતાને ઓળખો.**
**પરથી ભિન્નતા જાણી સ્વસન્મુખ બનો.**
**આત્મશક્તિ સંભાળીને વીર બનો.**
**જીવના અશુદ્ધભાવોથી જ સંસાર છે.**
**જીવ શુદ્ધભાવવડે મુક્તિ પામે છે.**
**શુદ્ધતા આત્માના સ્વાશ્રયથી થાય છે.**
**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે.**
**તે ત્રણે આત્માના જ આશ્રયે છે.**
**તે શરીરના કે રાગના આશ્રયે નથી.**
**આ જ માર્ગે અમે મોક્ષ પામ્યા છીએ,**
**અને તમારે માટે પણ આ જ માર્ગ છે.**

–આ છે ભગવાન મહાવીરનો સંદેશ.

ભગવાનના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે તેમનો આ સંદેશ ઝીલીને આપણે પણ તેમના માર્ગે જઈએ.

**અમે તો જિનવરનાં સંતાન.**
**જિનવર પંથે વિચરશું.**

## અદ્‌ભુત આત્મા

**આતમા...આતમા...આતમા...રે...**
**અહો ! અદ્‌ભુત ચિદાનંદ આતમા...**
**જેને દેખતાં થઈશ પરમાતમા રે,**
**અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા. ૧.**
**ભૂલ મા ભૂલ મા ભૂલ મા રે**
**તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા !**
**પરને પોતાની તું માન મા રે....**
**અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા. ૨.**
**તારામાં શાંત થા, ધર્માત્મા જીવ થા,**
**સ્વરૂપ-બહાર તું ભમ મા રે...**
**તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા...૩.**
**સમ્યગ્દૃષ્ટિ થા ભ્રમ મટાડી,**
**આનંદસ્વરૂપે તું લીન થા રે....**
**અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા. ૪.**
**આનંદનો દરિયો જ્ઞાનસ્વરૂપી,**
**ઊજળે એમાં તું મગ્ન થા રે...**
**તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા. ૫.**
**આવી ગયો છે અવસર રૂડો,**
**શાંતસ્વરૂપે તું સ્થિર થા રે...**
**અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા. ૬.**

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (364250) : આસો (૩૭૨)